Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



શાસનસમ્રાટ્ સ્વ. આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

પુસ્તક ૬૬ મું ] [ અંક ૨ જો

માર્ગશીર્ષ

ઈ. સ. ૧૯૪૯ ૨૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૭૬ પ્રગટકર્ત્તા— વિક્રમ સં. ૨૦૦૬

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૬ મું અંક ૨ જો | માર્ગશીર્ષ | વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


૧. સ્વ. આચાર્યશ્રી વિજયનેમિસૂરિજી મહારાજ ... ... ... ... ૨૯
૨. श्रीदेवगुर्वष्टकम् ... ...( આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ ) ૩૦
૩. ભાવનગરના મહારાજા અને મદ્રાસના ગવર્નર સર કૃષ્ણકુમારસિંહજીનો સંદેશ ૩૧
૪. સ્વ. આચાર્યશ્રીના વિશિષ્ટ જીવન-પ્રસંગો ... ... ... ... ૩૨
૫. સ્વ. સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીનાં આચાર્યશ્રી પ્રત્યેની ભક્તિના પ્રસંગો ૩૩
૬. શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણીનો સંદેશ ... ... ... ... ૩૪
૭. स्नेहाञ्जलि... ... ...( આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ ) ૩૫
૮. નગરશેઠ હરિલાલ મોનદાસનો સંદેશ... ... ... ... ... ૩૬
૯. षोडशदलारूढ गुरुवंदनांभोज-( કાવ્ય )... ( મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી ) ૩૭
૧૦. સોળ પાંખડીવાળું શ્રીવિજયનેમિસૂરિ ચરણપંકજ વંદન સ્તોત્ર (શ્રી અચ્છાબાબા) ૩૮
૧૧. મૃત્યુંજય મહામાનવ ... ... ... ( મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી ) ૩૯
૧૨. પૂ. પા. આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૪૧
૧૩. શાસનસમ્રાટ્ ...( મુનિરાજશ્રી દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી તથા ન્યાયવિજયજી) ૪૫
૧૪. શ્રીમદ્ વિજયનેમિસૂરિ-સ્તુતિ ... ... ( શ્રી ઝવેરચંદ છગનલાલ ) ૫૦
૧૫. આ. શ્રી વિજયનેમિસૂરિનાં સંસ્મરણો ... ... ...( શ્રી મૌક્તિક ) ૫૧
૧૬. ધન્ય જીવન-( કાવ્ય )... ... ... ... ( શ્રી અચ્છાબાબા ) ૫૩
૧૭. શ્રી વિજયનેમિસૂરિજીને ભાવભરી અંજલિ ...( ગણેશભાઇ પી. પરમાર ) ૫૪
૧૮. શાસનસમ્રાટ્ની જીવનસૌરભ ... ... ( મુનિરાજશ્રી દક્ષવિજયજી ) ૫૫
૧૯ પ. પૂ. શ્રીવિજયનેમિસૂરિજીને વસમી વિદાય ( કુંદનલાલ કાનજીભાઇ શાહ ) ૬૦
૨૦. એક પ્રતિભાવંત વિભૂતિ ... ... ( શ્રી સૌભાગ્યચંદ જીવનલાલ દોશી ) ૬૧
૨૧. શાસનના શણગાર ... ... ... ( કડવી બહેન છોટાલાલ ) ૬૩
૨૨. નિવાપાંજલિ ... ... ... ... ... ... ... ૬૪


નવા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. ચુનીલાલ ઝવેરચંદ શાહ | લાઇફ મેમ્બર | ઘાટકોપર |
| ૨. ર. મો. વાઢેલવાલા | ,, | મુંબઇ |
| ૩. નગીનદાસ પરમાણંદ વોરા | ,, | ભાવનગર |
| ૪. ડાહ્યાભાઇ હીરાચંદ શાહ | વાર્ષિક મેમ્બર | અમદાવાદ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

સૂરિ-
-સમ્રાટ્
સ્વર્ગસ્થ
આચાર્ય
મહારાજ
શ્રી
વિજય-
નેમિસૂ-
રીશ્વરજી
મહારાજ



જન્મ.
વિ. સં.
૧૯૨૯
કાર્તિક
શુદિ ૧

સ્વર્ગગમન
વિ. સં.
૨૦૦૫
આશ્વિન
વદિ ૦))

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ आशैशवशीलशालिने श्रीनेमीश्वराय नमो नमः ॥

# ॥ श्रीदेवगुर्वष्टकम् ॥

## [ श्लेषोल्लसितानि पञ्चचामरवृत्तानि ]

[ આ દેવગુર્વષ્ટકના આઠ શ્લોકોમાં **શ્રી નેમિનાથ ભગવાનનું ચરિત્ર તથા શ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજનું ચરિત્ર આલેખાયું છે, તેથી 'દેવગુર્વષ્ટક' એવું સાર્થક નામ રાખેલ છે. ]

રચયિતાઃ—શાસ્ત્રવિશારદ પ. પૂ. આ. શ્રી. **વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ.**

नमामि **नेमि**तीर्थपं सदा **सुशील**शालिनं, समस्तसूरिचक्रचक्रवर्तिताविराजिनम् ।
प्रदीप**दीपमालिका**धिकप्रकाशशालिकां, विधाय विश्वनालिकां दधानमात्मसम्भवम् ॥ १ ॥

**शिवा**ङ्गनाङ्गजं तथाप्यलं शिवाङ्गजन्मनि, **समुद्र**जातरूपचारुवैभवोपशोभितम् ।
ततो नु साधुशङ्खगं नरं च चक्रिमुत्तमं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ २ ॥

विशाल**नेमचन्द्र**मोललाटपट्टशालिनं, **सुबालचन्द्र**वज्जगज्जनप्रमोददाकृतिम् ।
अलक्ष्यलक्षलक्षणोपलक्षितं दमक्षमं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ३ ॥

पयोदनादतर्जिकम्बुकण्ठपेशलध्वनि,—चमत्कृताखिलाङ्गराजिराजिगीतगौरवम् ।
निजौजसाहिसञ्चनार्दनावलेपलोपिनं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ४ ॥

**सुदर्शन**प्रधानपुरुषोत्तमैकबान्धवं, प्रकल्प्य कल्पनाकृतं सुखं नु भोगराजिजम् ।
निधानमादधानमात्मशर्मणां यथास्थितं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ५ ॥

क्षमाधरं वरं **सुभृद्धि**माश्यतां गतं गतं, ततो दधानमात्मसार्वभौमसम्पदां पदम् ।
क्षमाभृदुत्तमाङ्गचुम्बिताङ्घ्रिपद्मरेणुकं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ६ ॥

विभाव्य नामगौ नमौ च वर्गप्रान्तगावपि, युतौ गुणेन च श्रिया च चक्रिभागगौ ।
ततोऽमरद्रुकामधेनुकामरत्नतोऽधिकं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ७ ॥

प्रदत्रयप्रचारगाञ्च गां सुखाङ्गणं गतां, तथाप्यशेषदेशकाललीनभावगामिनीम् ।
सुधाप्रवाहवाहिनीं वहानमिज्यतामृतं, नमामि **नेमितीर्थपं** सदा सुशीलशालिनम् ॥ ८ ॥

[ शार्दूलविक्रीडितवृत्तम् ]

देवश्लेषगुरुङ्गमष्टकमिदं गीतं शमालिप्रदं, **दक्षा**ऽभ्यर्थनया प्रणुन्नमनसां भक्त्येकलीनात्मना ।
**लावण्येन** प्रवर्त्तकेन रचितं पञ्चादिमैश्चामरैः, श्रोतॄणां पठतां नृणाञ्च शिवदं स्तात्पुष्पदन्तावधि ॥ १ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવનગરના
ના.
મહારાજા
અને
મદ્રાસના
ગવર્નર



શ્રી કૃષ્ણકુમાર-
સિંહજી
કે.સી.એસ.આઇ.

Nilambag Palace.
Bhavnagar.

સુરિસમ્રાટ આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજીનો સ્વર્ગવાસ દીવાળીના રોજ મહુવા મુકામે થયાના સમાચાર જાણી મને ઘણી દીલગીરી થઈ. સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના પરિચયમાં હું બે ત્રણ વખત આવ્યો હતો. કદંબગિરિમાં તીર્થમાં મહારાજશ્રીને હું એક વખત મળ્યો હતો. કદંબગિરિમાં મહારાજશ્રીના ઉપદેશથી બંધાયેલ દેરાસરો જોઈ મને ઘણો આનંદ થયો હતો. બીજે એક પ્રસંગે બોટાદ શહેરમાં મહારાજશ્રીનાં દર્શન કરવાનો મને લાભ મળ્યો હતો. મહારાજશ્રીની અપૂર્વ વિદ્વત્તા, શુદ્ધ ચારિત્ર્ય, પ્રખર વ્યાખ્યાન શૈલી અને સર્વધર્મ પ્રત્યે સમભાવના જોઈ તેમના તરફ માન થયા સિવાય રહે નહિ.

આવા પ્રભાવશાળી ધર્મોપદેશક ભાવનગર રાજ્યમાં જન્મ્યા હતા, ભાવનગર રાજ્યમાં આચાર્ય પદવીને પામ્યા હતા અને ભાવનગર રાજ્યમાંજ સ્વર્ગવાસ પામ્યા હતા તે મને એક ગૌરવનો વિષય છે.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો અમર આત્મા ચિરસ્થાયી શાંતિ ભોગવે એવી પ્રભુ પાસે મારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજીના જીવનના વિશિષ્ટ પ્રસંગો.

સંવત ૧૯૨૯ના કાર્તિક શુદ એકમના રોજ મહુવા શહેરમાં જન્મ; પિતા લક્ષ્મીચંદ, માતા દીવાળીબાઈ.

સંવત ૧૯૪૫ના જેઠ શુદ સાતમના રોજ ભાવનગરમાં શાંતમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે દીક્ષા.

સં. ૧૯૪૯માં પૂ. મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજનો સ્વર્ગવાસ અને ગુરુવિરહ.

સં. ૧૯૬૦માં વલ્લભીપુરમાં પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજના હાથે કા. વ. ૭ના પ્રથમ ગણિપદ અને માગશર શુદિ ૨ના પંન્યાસપદ.

સં. ૧૯૬૪માં ભાવનગર મુકામે જૈન શ્વે. કોન્ફરન્સનું ભવ્ય અધિવેશન અને તે પ્રસંગ પૂર્ણ થયા પછી જેઠ શુદ ૫ના રોજ પંન્યાસશ્રી ગંભીરવિજયજીના હસ્તે આચાર્યપદ.

મેવાડ મારવાડનો વિહાર અને શ્રી કાપરડાજી તીર્થનો ઉદ્ધાર.

શ્રી કદંબગિરિ તીર્થની સ્થાપના.

શ્રી કદંબગિરિ તીર્થમાં પ્રતિષ્ઠા અને અંજનશલાકા.

સં. ૧૯૯૦માં અમદાવાદમાં મળેલ મુનિસંમેલન વખતે આચાર્ય મહારાજે બતાવેલ વ્યવહારદક્ષતા અને સંમેલનની સફલતા.

સં. ૧૯૯૧માં શ્રી માણેકલાલ મનસુખભાઈના ભવ્ય સંઘ સાથે મહારાજશ્રીનું પ્રયાણ.

શેઠશ્રી પોપટલાલ ધારશીના સંઘ સાથે પ્રયાણ.


વંલ્લભીપુર( વળા )માં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સ્મારક તરીકે સ્થાપેલ ગુરુ-જ્ઞાનમંદિર.

વિ. સં. ૨૦૦૫ના આસો વદ અમાસના રોજ મહુવા શહેરમાં સ્વર્ગવાસ અને ૨૦૦૬ના કાર્તિક શુદ ૧ના રોજ દેહનો અગ્નિસંસ્કાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વ૦ સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી

આચાર્યશ્રી અને પટ્ટણી સાહેબના સંપર્કના કેટલાક પ્રસંગો મને યાદ આવે છે. સં. ૧૯૬૪માં ભાવનગરમાં શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન થયું. તે ફતેહમંદ કરવા માટે ભાવનગરના દીવાન સર પટ્ટણી સાહેબે પૂરતી મદદ અને સહકાર આપ્યા હતા. સબજેક્ટ કમીટીની યાદગાર મીટીંગમાં જ્યારે સ્વ. શ્રી લાલભાઇ દલપતભાઇ વિગેરે ગૃહસ્થોએ કોન્ફરન્સના સેક્રેટરીઓ તરીકેના રાજીનામા પેશ કર્યાં ત્યારે પટ્ટણી સાહેબે ભાવનાશીલ ભાષણ કર્યું હતું અને દધીચિઋષિ, જેણે પોતાના શરીરના અસ્થિ દેવોને સમર્પણ કરી દાનવો સામે દેવોનું રક્ષણ કરવા આત્માર્પણ કર્યું હતું, તે દૃષ્ટાંત આપી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન સંઘની ગમે તે ભોગે સેવા કરવાનો દાખલો બેસાડવા રાજીનામા આપનાર ગૃહસ્થોને અપીલ કરી હતી જેની સારી અસર થઈ હતી. આ કૉન્ફરન્સ પ્રસંગે શ્રી **નેમિવિજયજી મહારાજની** ભાવનગરમાં હાજરી હતી.

એક બીજો પ્રસંગ યાદ આવે છે. શેઠશ્રી પોપટલાલ ધારશીનો સંઘ ભાવનગર રાજ્યની હદમાં આવ્યો તે વખતે સર પ્રભાશંકર પટ્ટણીએ સંઘને બધી મદદ કરવા, હુકમ કાઢયો હતો. મહુવાના સંઘે પટ્ટણી સાહેબને વિનંતિ કરી હતી કે, સંઘ મહુવે આવે ત્યારે તેઓશ્રીના પ્રમુખપદ નીચે સંઘપતિને માનપત્ર આપવું. ત્યારપછી તેઓશ્રીની તબીયત નરમ થઇ ગઇ હતી. બીછાનામાંથી નીચે ઉતરવા પણ ડૉક્ટરોએ મના કરી હતી. હું તેઓશ્રીને સંઘના મહુવા આવવાના દિવસ પહેલા બે એક દિવસ ઉપર મળ્યો ત્યારે મને કહ્યું કે-તમે એક દિવસ વહેલા જાવ અને મેં મહુવે આવવાનું જે વચન આપ્યું છે તે પાળીશ. આવી તબીયતમાં પણ ખાસ ટ્રેન દોડાવી પોતે સંઘ આવ્યો ત્યારે મહુવે પધાર્યાં હતા. આચાર્ય મહારાજ સાથે કલાક જેટલો વખત વાર્તાલાપ કર્યો હતો. માનપત્રના મેળાવડામાં બીજાનો ટેકો લઇ હાજર રહી સંઘપતિને અભિનંદન આપ્યા અને રાજ્ય તરફથી શાલ તથા પાઘડી વિગેરે એનાયત કર્યાં હતાં. સ્વ૦ સર પ્રભાશંકર જેવા જગદ્‌વિખ્યાત રાજપુરુષ આચાર્યમહારાજશ્રી ઉપર જે પ્રેમ અને સદ્‌ભાવ રાખતા તે ઉપરથી આચાર્યમહારાજશ્રીની મહત્તાનું સૂચન થાય છે. ( જી૦ એ. )



શ્રી અનંતરાય પ્રભાશંકર પટ્ટણી
( બ્લૉક : ભાવનગર સમાચારના સૌજન્યથી )


**સ્વ. આચાર્યશ્રી વિજયનેમીસૂરિજી સંબંધી સંદેશ તો શું મોકલું? હું એટલું જાણું છું કે તેઓશ્રીના આશીર્વાદ અને પ્રેમ હું કદી ભૂલું તેમ નથી. મનુષ્ય જીવનમાં ધર્મ અને નીતિને પ્રથમ સ્થાન હોવું જોઇએ એવો બોધ તેઓશ્રી બધાને આપતા એ પણ એટલું જ યાદ રહેશે.**

—અનંતરાય પ્રભાશંકર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ બ્લોક "શ્રી જૈન આત્માનંદ સભા"ના સૌજન્યથી ]

पंजाबकेशरी शासनप्रभावक

आचार्यश्री विजयवल्लभसूरिजी महाराज

# स्नेहाञ्जली

इस अनन्त संज्ञक आकाश की विशाल गोद में अनन्त ज्योतिपुञ्ज खेले-कूदे और उसी अनन्त में विलीन हो गये। उन ज्योति-पुञ्जो में कुछ शुक्र के समान तेजस्वी; सुधा-सिन्धु के समान सौम्य; आदित्य के समान ओजस्वी और बृहस्पति के समान प्रतिभासम्पन्न थे। कुछ धूम्र-केतु, मंगल, शनि के समान अनिष्टकारक भी थे। ये सब के सब अपनी अपनी प्रकृति का परिचय देकर शान्त हो गये। प्रकृष्ट तेजस्पुञ्जो में श्री गुरु गौतम जैसे गुरुभक्त; आत्मलब्धिसम्पन्न श्री गुरु जम्बू जैसे त्यागी बडभागी; भगवन् स्थुलभद्र जैसे रेखा-पुरुष; आर्य सुहस्ती जैसे प्रभावक;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

देवर्द्धि और स्कन्दिल जैसे ज्ञानोपासक और हेमचन्द्र, हीरसूरि जैसे राजगुरु और जगद्गुरु जैसे भी उदित होकर अपना अपना प्रकाश फैलाकर अनन्त की गोद में सदा के लिए सो गये।

आज एक ऐसे ही ज्योतिर्धर को हम स्नेहाञ्जली से तृप्त कर रहे हैं। जो कि युग में धीर-वीर और गंभीर थे। नाम जिनका विश्वविख्यात सूरिसम्राट् विजयनेमिसूरि था। हमारे वो सच्चे हृदयंगम हृदय के हार थे। जैन जाति के सच्चे शृंगार थे। उनका अवतार भूमिभार को हल्का करने के लिए था। उन्होंने वो काम कर बतलाए जो कि अशक्य तो नही अपितु सामान्य व्यक्तियों के लिए दुशक्य थे। उनकी तीर्थभक्ति, उनकी शासनदाझ, उनका प्रखर प्रताप और विशुद्ध चारित्र असंख्य ऋषि मुनियो के लिए अनुकरणीय था। जब से राजनगर के विशालांगन में मुनिराजों का एकत्री-भाव हुआ तब से हमारे और उनके हृदयक्षेत्रों में स्नेह-वल्लियां ऐसी अंकुरित हुई कि जो दिनप्रतिदिन बढती हो गई और अंत तक मिष्ट फल देती रही। आज वह उच्चात्मा संसार से उठ गया। जिनकी गुण गाथाएं भारत के भक्तजन प्रत्येक ग्राम नगर में गा रहे हैं। उनका संसार से प्रस्थान करना मानों जैन समाज का एक प्रतापपुञ्ज का बिखरना है। उनके स्वर्गस्थ होने से हमारे आत्मा में जो समवेदना हो रही है उसे हम किन शब्दों में व्यक्त करें? शासनदेव ऐसे प्रभाविक उद्योतक शासनभक्तों को इस भूमिमंडल में पुनः पुनः अवतीर्ण करें, यही हमारी अन्तरंग अभ्यर्थना है। हमारा उनका यह असह्य वियोग पुनः भवान्तर में संयोगरूप से परिणित होकर हमारे सन्तप्त हृदयों को शान्तिप्रद हो; यह हमारी मनोकामना है।

कार्तिकशुदि १० ] विजयवल्लभसूरिः सादडी ( मारवाड )


પૂજ્યપાદ્ મહારાજશ્રીનો મને જે પરિચય થયો છે, તે અંગે હું લેખ આપી દોરવણી આપી શકું તેમ મને લાગતું નથી. આટલું હું જાણું છું કે, તેઓ એક ચુસ્ત ધર્માનુરાગી તપસ્વી અને તત્ત્વજ્ઞ હતા. વ્યવહાર છોડયો છતાં વ્યવહારિક રીતે ઉદ્ભવતા પ્રશ્નોનો સુંદર તોડ કાઢી શકતા, સંગઠન સાધી શકતા, અને બીજાને શાસક તરીકે પૂજ્યભાવ ઉત્પન્ન કરી દોરી શકતા. અત્યારની પ્રવૃત્તિમાં એમને રસ નહોતો. અમારા મહુવાના ભાવી ઇતિહાસમાં મહાન્ ધર્મગુરુ તરીકે તેમનું સ્થાન અમર છે.

હરિલાલ મોનદાસ-નગરશેઠ, મહુવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## षोडश दलारूढ गुरुवंदनांभोज.

( સોળ પાંખડીનું ગુરુવંદન કમળ )

( રાગ–હરિગીત છંદ )

શ્રી તપોગચ્છાધિપતિ, શાસનના સમ્રાટ્ જે,
વિદ્વાન્ શિરોમણી જે, વિશ્વમાં વિખ્યાત તે. ૧

જગતગુરુ ભટ્ટારક, તીર્થ તારણહાર જે,
યશસ્વી ને શાંત મુદ્રા, ધૈર્ય ગુણ આધાર જે. ૨

નેમિ જિનના ભક્ત વળી, સદ્જ્ઞાન દાન દાતાર જે,
મિટાવે મનના મેલને, પરબ્રહ્મ તેજોધાર જે. ૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૂરિચક્રચક્રવર્તિ, સર્વતંત્રસ્વતંત્ર જે,
રિઝવે જગજીવને, ધારક સૂરિ મંત્ર તે. ૪
ચરણુ સેવે જેહના, સૂરિ વિશાળ મુનિવરા,
રટણુ કરતા નામ જેતું, સંઘ ભૂપ ભૂમિધરા. ૫
નયગમાદિ સપ્તભંગી, સ્યાદ્વાદ સિદ્ધાંતના,
પંડિત તણા શિરતાજ, જેને નમન કરતા સજ્જના. ૬
કર્તાનુવાદ જે શાસ્ત્રના, પાંચે મહાવ્રત પાળતા,
જન્મભૂમિ મધુપુરી (મહુવા), ધર્મધ્વજ શોભાવતા. ૭
વંશવર્ધક પટ્ટધર, શ્રી વિજયલાવણ્યસૂરિ,
હેજે મુક્તિ સૌખ્ય માગે, શિષ્ય કલ્યાણપ્રભ ભૂરિ. ૮

રચયિતા—**મુનિશ્રી કલ્યાણપ્રભવિજય.**

## સોળ પાંખડીવાળું શ્રી વિજયનેમિસૂરિ ચરણપંકજ વંદન સ્તોત્ર.

શ્રી વિજયનેમિસૂરિ ચરણુકમલને નિતનિત પ્રાતઃ વંદન હો,
વિશાલ ભાલ, વિશાલ વક્ષસ્થલ, દિવ્યચક્ષુના ધારક જો. શ્રી વિજય૦ ૧
જન્મથકી પરબ્રહ્મ તેજના, ધારક ધર્મ ઉદ્ધારક જો,
યશ કીર્તિ દશ દિગંત પ્રસરી, સૂરિસમ્રાટ્ કહાયા હો.........૨
નેમિસૂરીશ્વર નિતનિત વંદો, શાસન પરમોદ્ધારક જો,
મિલનસાર ને પૂર્ણ પ્રભાવિક, સકલ વિદ્યા પારંગત હો.........૩
સુરિમંત્ર–તંત્રાદિક ધારક, પ્રકટપ્રભાવ સૂરીશ્વર જો,
રિપુ મિત્ર પર સમદ્રષ્ટા ને, સદાય સ્પષ્ટ જ વક્તા સો.........૪
ચરણ કરણ ગુણ ધરણુ મહામુનિ, વિશ્વ સકલના બંધુ જો,
રમ્ય અને આહ્‌લાદક મુખડું, સદા પ્રસન્ન ને હસતું હો.........૫
ણમો તિથ્થસ્સ હૃદયમાં ધારી, અનેક તીર્થ ઉદ્ધારક જો,
પંડિત પૂરા, મહાવિચક્ષણ, શાસનના શિરતાજ જ હો.........૬
કરે કલ્પાંત વિલાપ શિષ્ય સહુ, કયાં ગયા બાપથી અધિકા જો ?
જલબિંદુથી નેત્ર ન સૂકે, હૃદય થતી અતિ વ્યથા જ હો.........૭
વંદન હો શ્રી નેમિસૂરીશ્વર, દિવ્ય દેહના ધારક જો,
દેવલોકમાં અમ નહિ ભૂલશો, અમે આજ નોંધારાં હો.........૮
જાતાં ભીષ્મ ભડવીર, શાસન ખોટ ખરે પડી,
વિલાપ કર્યે શું વળે ? ખોટ પડી તે પડી પડી.........૯
હવે ધરીને હામ, ઐકયથકી આગળ ધપો,
વિશ્વ ધર્મ જિનધર્મ, જય જયવંત કરી જપો.........૧૦

**અચ્છાબાબા ( શ્રી વેલજીભાઈ )–જામનગર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃત્યુંજય મહામાનવ

: લેખક :
મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી

જન્મ અને મરણ એ બન્ને સંસારમાં પરિભ્રમણ કરતા આત્માઓએ કેટલી વાર અનુભવ્યા એ જો ગણવા બેસીએ તો તેનો અંત આવે એમ નથી. બીજાના જન્મ અને મરણનું દર્શન પણ વ્યક્ત દશામાં અનેક વખત આપણને થાય છે, પણ તેનું રહસ્ય સૂક્ષ્મજ્ઞાનદૃષ્ટિ સિવાય અગમ ને અગોચર છે.

**જ્ઞાનદૃષ્ટિએ** દેખતા મહાપુરુષો કહે છે કે–'જન્મ મરણના દુઃખ સમાન કોઇ દુઃખ નથી.' એ સત્ય હકીકત સત્ય છે પણ તાત્ત્વિક દૃષ્ટિએ. બાકી અમર પદને પ્રાપ્ત કરતાં પુણ્ય પુરુષોના મરણ તેમને માટે એક મહામહોત્સવ છે, ને તે જ કારણે તેમનાં મરણ માટે મરણ શબ્દ નથી વપરાતો પણ નિર્વાણ અને તેને અનુરૂપ જ્યાં જે ઉચિત લાગે તે શબ્દ વપરાય છે. જૂના–જર્જરિત ઘરને છોડીને નવા આલીશાન મહેલમાં રહેવા જનારને દુઃખ કઇ બાબતનું હોય? સુન્દર–સ્વચ્છ ને તાજા વસ્ત્રો પહેરવા માટે જીર્ણ વસ્ત્રો ઉતારવા પડે તેમાં સમજુને કષ્ટ ન જ હોય. મરણનું દુઃખ–કષ્ટ ને પીડા તેને જ થાય છે કે જેણે જીવનભર પાપ સેવ્યું છે; પરભવ માટે કાંઈ પણ સુકૃત કર્યું નથી.

**કેટલીક** વખત અજ્ઞાન એ મહાદુઃખનું કારણ બને છે એટલે મરણસમયે અજ્ઞાનવશ આત્મા પીડાય છે–રીબાય છે–ટળવળે છે–વલખા મારે છે. મરણ પછી પોતાને ક્યાં જવાનું છે તેનું જેને ભાન નથી તેને કષ્ટ ભોગવવું પડે છે.

**મોહ** એ મહાપીડાનું કારણ છે. વિશ્વમાં મોહવશ જીવોને પોતાની ખરાબ સ્થિતિ છોડતા મહાદુઃખ થાય છે. એક રંક માણસને તેણે માંગી લાવેલું એઠું જૂઠું–સારું મિષ્ટાન્ન આપીને પણ–છોડાવવું પડે તો તેને કેવું દુઃખ થાય એ સમજાય એવી હકીકત છે. એ જ પ્રમાણે એક ઝુંપડામાં રહેતા માણસને સારા સ્થાનમાં લઇ જવો હોય તો તેને પારાવાર દુઃખ થાય, એ કોઈ રીતે ખસે નહિ કારણ કે તેને તે ઝુંપડામાં મોહ ઉત્પન્ન થયો છે. મોહ વગરનાને એમ કરતાં દુઃખ તો નથી થતું પણ આનંદ થાય છે. મરણની પણ એ જ સ્થિતિ છે. આ શરીર એ આત્માનું ઘર છે. એ જૂનું થાય ત્યારે નવા ઘરમાં જવા માટે વહેલા તૈયારી કરી રાખવી જોઇએ અને અહિંથી નવા ઘરમાં જ જવાનું છે એવી ચોક્કસાઇ પણ જોઇએ. જો નવું ઘર તૈયાર ન કર્યું હોય તો નહિ અહિંના, ન નહિ ત્યાંના એવી સ્થિતિ થાય. એ સ્થિતિ તો અકારી લાગે એમાં નવાઇ નહિ.

**માટે** મૃત્યુ મહોત્સવરૂપ બને એ માટે અગાઉથી તૈયારી કરી રાખવી જોઇએ, એવી તૈયારીવાળા મહામાનવોને મૃત્યુ મારતું નથી પણ અમર કરી જાય છે. એવી મોટી તૈયારીવાળા આત્માઓની એ અન્તિમ સ્થિતિના દર્શન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ મહાભાગ્યનો ઉદય હોય ત્યારે થાય છે. એ દર્શનમાંથી ઘણું ઘણું જાણવા અને સમજવા મળે છે. છેલ્લી ક્ષણ સુધી એ આત્મા તેજસ્વી રહે છે. તેની આજુબાજુનું વાતાવરણ સૌમ્ય, શાંત ને મંગલમય હોય છે. એક સરખી સ્થિતિ અનુભવતો એ આત્મા અહિંથી ક્યારે ચાલ્યો ગયો એ સ્પષ્ટપણે કોઇ જાણી શકતું નથી, એવી અદ્ભુતતા તે સમયે જોવા મળે છે. જીવનભરની કમાણીના મેળ તે વખતે મેળવાતા હોય છે. જોનાર જો જાગૃત હોય તો જાણી શકે છે કે આ આત્મા કમાણીમાં છે કે નુકશાનીમાં. આત્મા જેવી વસ્તુને નહિ સ્વીકારતો નાસ્તિક પણ તે સમયે ક્ષણવારનો આસ્તિક બની જાય છે.

આવું એક અપૂર્વ દર્શન સં. ૨૦૦૫ના આસો વદિ ૦)) ને દીવાળીના દિવસે સાંપડ્યું. જીવનભર ન ભૂલાય એવા એ દર્શનમાં શું હતું અને શું ન હતું એ તો અનુભવ્યું હોય એ જ જાણી શકે.

આત્મ વિમુક્ત કાયા પણ કહેતી હતી કે આ શરીરે આજીવન બ્રહ્મ મહાતેજ ઝીલ્યા છે. સૂર્યાસ્ત પછી પણ વિકસી રહેલું વદનકમળ સમજાવતું હતું કે સત્ય કહેવામાં કદી પણ મેં આનાકાની કરી નથી કે થડકારો અનુભવ્યો નથી. ગૂઢ વાતોના ઉકેલનારા પછીથી પણ વાંચી શકતા હતા કે આ દિવ્ય દેહમાં રહેલા હૃદયે કોઇનું પણ અશુભ ઇચ્છ્યું નથી એટલું જ નહિ પણ શત્રુનું પણ શુભ ચાહ્યું છે. આંખોની જ્યોતિ પાછળથી પણ ભૂલાવામાં નાખતી હતી કે હજુ અમે જીવંત છીએ.

આવી અભ્યન્તર મહાવિભૂતિનો સ્વામી જ્યારે મહાપ્રયાણ આરંભે ત્યારે દેશકાળ તેને અનુકૂળ થાય એમાં નવાઇ ન લાગે.

જોનારા દરેકે વાંચ્છ્યું કે મરવું તો બધાને છે પણ મરણ હજો તો આવું હજો. 'સમાધિમરણ' માંગ્યા નથી મળતા. તેને માટે જીવનભર કાળજી રાખવી પડે છે.

એ પ્રેરણા પાનાર પરમ પુરુષ પુણ્ય-આત્માના અસહ્ય વિરહને વેદતું વિશ્વ પાછળથી પણ મૃત્યુ જીતવાની એ અદ્ભુત કળા શિખશે તો અનિચ્છાએ આવી પડેલો એ વિરહ સફલ છે.

વન્દન હો ત્રિવિધે ત્રિવેધે એ મૃત્યુંજય મહામાનવ-શાસનસમ્રાટ્ જગદ્ગુરુ ગુરુમહારાજના દિવ્ય આત્માને—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂ૦ પા૦ આચાર્યમહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી

લેખક:—**શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી.**

આચાર્યમહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજી ગઇ દીવાળી આસો વદ ૦))ના રોજ મહુવા શહેરમાં કાળધર્મ પામ્યા તે હકીકત સુવિદિત છે. મહારાજશ્રીના દેહનો અગ્નિસંસ્કાર પૂરા દબદબા અને ગોરવતાથી બેસતા વર્ષે કારતક શુદ ૧ના રોજ મહુવામાં ગુરુકુળ હસ્તકની વાડીની જગ્યામાં કરવામાં આવ્યો હતો. ભાવનગર, પાલીતાણા, તળાજા જેવા શહેરના ભાવિક શ્રાવકોએ પણ તેમાં ભાગ લીધો હતો. પોતાના જ વતનમાં, પોતાની જન્મભૂમિના સ્થાનમાં પોતાના શિષ્યવૃંદની હાજરીમાં જે દિવસે ચરમ તીર્થંકર મહાવીર ભગવાન નિર્વાણ પામ્યા અને જે દિવસે શ્રી ગૌતમગણધરને કેવળજ્ઞાન થયું તે અમાવાસ્યા અને બેસતા વર્ષના રોજ દેહનું પડવું અને દેહનો અગ્નિસંસ્કાર થવો તે એક અમૂલ્ય ઘટના છે. પુન્યશાલી પ્રભાવક સાધુસંતના જીવનમાં જ આવા અપૂર્વ પ્રસંગનો યોગ બને છે. જે સ્થળે આચાર્ય મહારાજના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે, તે સ્થળ એક યાત્રાનું ધામ બનશે. શિષ્યો અને ભકતોએ આ માટે વીર્ય ફોરવવાનું રહે છે.

આચાર્ય મહારાજનો જન્મ મહુવામાં સં. ૧૯૨૯ના કારતક શુદ ૧ ના રોજ થયો હતો. સં. ૧૯૪૫ માં તેઓશ્રીએ પ્રાતઃસ્મરણીય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે ભાવનગરમાં દીક્ષા ગ્રહણ કરી હતી. સં. ૧૯૬૪ માં તેઓશ્રીને આચાર્ય પદવી ભાવનગરમાં શ્રી સંઘે અર્પણ કરી હતી. તેઓશ્રીએ ઉપદેશદ્વારા જીવન દરમ્યાન શ્રી જૈન શાસનના ઉદ્યોતનાં અનેક કાર્યો કરાવ્યાં છે; જૂના દેરાસરો અને તીર્થોનો ઉદ્ધાર કરાવ્યો છે, નવા તીર્થો બંધાવ્યા છે, અનેક સુંદર ભગવાનના બિંબો ભરાવ્યા છે, તેઓશ્રીના પ્રભાવથી અંજનશલાકાઓ થયેલ છે, પ્રતિષ્ઠા મહોત્સવો થયા છે, સંઘો નીકળ્યા છે, અનેક પ્રકારની ધાર્મિક ક્રિયાઓ, અઠ્ઠાઇમહોત્સવો, શાંતિસ્નાત્રો, મહાપૂજાઓ આદિ થયેલ છે. તેઓશ્રીમાં અખંડ બ્રહ્મચર્ય અને શુદ્ધ ચારિત્રપાલનનું એવું પ્રબળ પ્રતિષ્ઠાન હતું કે તેઓશ્રીની સાંનિધ્ય અને નિશ્રામાં થયેલ દરેક ક્રિયા સફળ બનતી.

જ્ઞાનના ક્ષેત્રમાં તેઓશ્રીનો આજીવન પ્રયાસ હતો. તર્ક, ન્યાય અને આગમમાં તેઓ વિશારદ હતા. અનેક પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર કર્યો છે, પોતે પણ સમર્થ ટીકાઓ લખેલ છે. ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજના અપૂર્વ અગમ્ય પુસ્તકોને પ્રસિદ્ધ કરી, ખૂટતી પંક્તિઓની પૂર્તિ કરાવી તેઓશ્રી અને તેઓશ્રીના આ. શ્રી વિજયોદયસૂરિજી જેવા શિષ્યોએ ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજનાં ગ્રંથોને પુનર્જીવન આપેલ છે.

મહારાજશ્રી જેટલા જ્ઞાની હતા તેટલા જ ચારિત્રવાન હતા. શુદ્ધ ચારિત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાળવું અને શિષ્યો પાળે એવી સતત જાગૃતિ રાખવી તે તેઓશ્રીના આચાર્ય જીવનનો મુદ્રાલેખ હતો. કોઈ શિષ્ય સહેજ પણ તેમના સાધુમાર્ગમાં સ્ખલના કરે તો તેઓશ્રીનો પૂણ્યપ્રકોપ જાગતો, અને સ્ખલના કરનારને ખરા માર્ગ ઉપર લાવવા કડક (શાસ્ત્રમાં ફરમાવેલ) શિક્ષા ફરમાવવા તેઓ સહેજ પણ આનાકાની કરતા નહિ.

આચાર્ય મહારાજશ્રી જેમ ધર્મના પ્રભાવક હતા તેમ વ્યવહારમાં પણ ઘણા કુશળ હતા. આચાર્યશ્રી એક પ્રખર મુત્સદ્દી હતા. સરકાર સાથેના તેમજ રાજા રજવાડાઓ અને અન્ય સંપ્રદાયો સાથેના વાંધાઓમાં તેઓ માર્ગદર્શક બનતા. ઘણા કામોમાં તેઓશ્રીની સલાહ અને દોરવણી લેવાતી. મોટા મોટા રાજા મહારાજાઓ અને અમાત્યો તેઓશ્રી તરફ પૂજ્યભાવથી જોતા, અને સંપૂર્ણ માન આપતા. ભાવનગર રાજ્યના સુપ્રસિદ્ધ અમાત્ય સ્વ૦ સર પ્રભાશંકર પટ્ટણી તો તેઓશ્રીના એક ભક્ત બન્યા હતા. તેમના સુપુત્ર શ્રી અનંતરાયભાઇ તેઓશ્રી પ્રત્યે પણ ઘણું માન ધરાવતા હતા.

આવા ઉદ્યોતશાલી, જ્ઞાનવાન અને ચારિત્રવાન આચાર્ય મહારાજની શિષ્યપરંપરા પણ તેવા જ ગુણવાળી થાય તે સ્વાભાવિક છે. આચાર્યમહારાજના શિષ્યોના પરિચયમાં આવનાર દરેક સુજ્ઞ માણસ આ હકીકતથી પરિચિત છે.

આ લેખમાં આચાર્યમહારાજનું જીવનચરિત્ર આલેખવાનો મારો ઉદ્દેશ નથી, પણ તેઓશ્રીનું જીવનચરિત્ર કેવું લખાવું જોઈએ, તેમાં કયા કયા વિષયો આવવા જોઈએ, તે બતાવવાનો યત્કિંચિત્ પ્રયાસ છે.

મહારાજશ્રીનું જીવનચરિત્ર બે દૃષ્ટિએ લખી શકાય, એક તેઓશ્રીના શ્રદ્ધાળુ ભકતો અને અનન્ય ભક્તિવાળા તેઓશ્રીના શિષ્યોની દૃષ્ટિએ; અને બીજું તેઓશ્રીના જીવનમાંથી પ્રેરણા અને દોરવણી મળી શકે, જૈન અને જૈનેતરો તેમાંથી બોધ લઇ શકે એવી વ્યાપક દૃષ્ટિએ. આવા સમર્થ પ્રભાવક પુરુષોના ચરિત્રો બીજી દૃષ્ટિ ધ્યાનમાં રાખી લખાવા જોઇએ. એક સામાન્ય માનવી પણ ઉત્કૃષ્ટ પુરુષાર્થથી જગતમાં કેટલા કાર્યો કરી શકે છે, જગત ઉપર પોતાના જીવનથી કેવી છાપ પાડી શકે છે, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાં કેવું પરિવર્તન કરી શકે છે, આધ્યાત્મિક ભાવના કેટલી જાગ્રત કરી શકે છે, અનુકૂળ અને પ્રતિકૂળ સંજોગોમાં કેટલો સમભાવ સાચવી શકે છે–આવી બધી હકીકતો જીવનચરિત્ર લખનારે વિચારવી જોઇએ, અને સુંદર ભાષામાં મૂર્ત સ્વરૂપ આપવું જોઇએ. ચરિત્રના નાયકને એક દેવ તરીકે ચીતરવાની અભિલાષાને અંકુશમાં રાખી એક માનવી તરીકે–અલબત એક સમર્થ પ્રભાવશાલી માનવી તરીકે–તેના જીવનમાં ઓતપ્રોત બની તેવા જીવન તરફ પૂર્ણ સહાનુભૂતિ દાખવી, લાગણી કે અતિશયોક્તિભર્યા વચનોને વશ થયા વિના, નાયકનું એક માનવી તરીકેનું જીવન ચીતરવું જોઇએ, જેથી ચિત્ર જોતાં જ માણસના સબળા ગુણો દૃષ્ટિગોચર થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યમહારાજશ્રીનું આવું ઉપયોગી, સર્વને માન્ય, ભાવવાળું ચરિત્ર લખવા માટે તેઓશ્રીના શિષ્યોમાંથી બે ત્રણને પસંદ કરવા જોઈએ. બીજા બધા કામમાંથી બની શકે તેટલી નિવૃત્તિ લઇ આ કામ પાછળ તેઓએ વર્ષ, બે વર્ષ કાઢવા જોઈએ. તેઓની સાથે જીવનચરિત્રો લખવામાં નિપુણતા ધરાવનાર એક વિદ્વાન્ ગૃહસ્થ-પછી તે જૈન હોય કે જૈનેતર હોય-તેને જોડવો જોઇએ. આ પ્રમાણે મહેનત કરી જીવનચરિત્ર તૈયાર થવું જોઈએ. જે વાંચવાથી આચાર્યશ્રીના જીવન પ્રત્યે મોટું માન ઉત્પન્ન થાય, માર્ગદર્શક બને અને ભવિષ્યમાં એ માર્ગ ઉપર ચાલવાની ઇચ્છા કરનારને ઉપયોગી બને.

આવું જીવનચરિત્ર તૈયાર કરાવવું એ મહારાજશ્રીના શિષ્યો અને ભકતોનું પ્રથમ કર્તવ્ય છે. આચાર્ય મહારાજશ્રીના જીવનચરિત્રમાં નીચેના વિષયોનો સમાવેશ કરવો જોઇએ:—

(ક) (૧) બાળકાળ અને તે વખતનો અભ્યાસ.

(૨) દીક્ષાની અભિલાષા અને તેનાં કારણો.

(૩) ગુરુવાસ અને ગુરુવાસ દરમ્યાન અભ્યાસ.

(૪) ધાર્મિક જીવનનો વિકાસ અને મહાઆચાર્ય થવાની યોગ્યતા.

(૫) જૂદા જૂદા દેશોમાં અને શહેરોમાં વિહાર અને વિહાર દરમ્યાન જૈન શાસનના ઉત્કર્ષ માટે કરેલાં કાર્યો. આ બધી હકીકતો જીવનના ક્રમ પ્રમાણે ગોઠવણ કરી મૂકવી જોઇએ.

(૬) અંતિમ ચોમાસું અને અંતિમ સમયની રૂપરેખા.

આ વિભાગમાં જીવનનો સ્થૂળદેહ આપવાનો છે.

(ખ) આચાર્ય મહારાજશ્રીનું અપૂર્વ જ્ઞાન.

(૧) ષટ્ દર્શનનું જ્ઞાન. (૨) જૈન આગમોનું જ્ઞાન.

(૩) તત્ત્વનું જ્ઞાન. (૪) ભાષાનું જ્ઞાન.

આ જ્ઞાન પ્રાપ્ત કરવા મહારાજશ્રીએ કરેલો અવિરત પ્રયાસ અને જુદા જુદા વિદ્વાન્ શાસ્ત્રીઓનો કરેલો સમાગમ.

(૫) મહારાજશ્રીએ રચેલા સ્વતંત્ર પુસ્તકો, ટીકાઓ, ભાષાંતરો, પ્રસિદ્ધ થયેલા વ્યાખ્યાનો વિગેરે.

(૬) જ્ઞાનના વિકાસ અને પ્રચાર માટે તથા રક્ષણ માટે બંધાવેલ જ્ઞાનશાળાઓ, જ્ઞાનમંદિરો, જ્ઞાનભંડારો અને જૂના જ્ઞાનભંડારોમાં કરેલ શોધખોળ વિગેરે.

(૭) જ્ઞાનના ક્ષેત્રમાં બીજા જે જે પ્રયાસો કર્યા હોય તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચરિત્રના વિભાગમાં મહારાજશ્રીએ જ્ઞાનના પ્રયાસો અને પ્રચાર માટે જે જે કાર્યો કર્યાં હોય તેની સવિસ્તર નોંધ આવવી જોઈએ.

(ગ) આ. મહારાજશ્રીના ઉપદેશ અને નિશ્રા નીચે થયેલ ધર્મના ઉદ્યોતના કાર્યો.

(૧) જીર્ણોદ્ધારો. (૨) નવીન મંદિરો.

(૩) નવીન તીર્થો. (૪) નવીન પ્રતિમાઓ કરાવવાના કામો.

(૫) અંજનશલાકાઓ તથા પ્રતિષ્ઠાઓ.

(૬) જુદે જુદે સ્થળે થયેલ ખાસ નોંધપાત્ર અઠ્ઠાઇમહોત્સવો, શાંતિસ્નાત્રો, મહાપૂજાઓ વિગેરે.

(૭) યાત્રા માટેના મહારાજશ્રીના ઉપદેશ અને નિશ્રા નીચે નીકળેલા મોટા મોટા સંઘો.

(૮) ઉપધાનાદિ યોગની ક્રિયાઓ.

(ઘ) આ. મહારાજશ્રીનો જૈનો, જૈન સાધુઓ, આચાર્યો અને જૈનેતર વિદ્વાનો સાથે ચાલેલ પત્રવ્યવહાર.

આ વિભાગમાં પત્રવ્યવહારમાંથી પસંદ કરી ઉપયોગી ભાગ આપવો. અન્ય દેશોના વિદ્વાનો સાથે જે પત્રવ્યવહાર ચાલ્યો હોય અને ઉપલબ્ધ હોય તેની ખાસ નોંધ લેવી.

જૈનધર્મને લગતા અગત્યના સવાલોને અંગે જે પત્રવ્યવહાર બીજા સાધુ મહારાજાઓ તથા જૈન ગૃહસ્થો સાથે થયેલ હોય તેમાંથી ઉપયોગી ભાગ આપવો. જુદા જુદા તીર્થોના રાજ્ય કે બીજા સંપ્રદાય સાથે થયેલ ઝઘડાઓને અંગે કાંઈ ઉપયોગી પત્રવ્યવહાર હોય તો મૂકવો.

ટૂંકામાં આ વિભાગમાં આ. મહારાજશ્રીના જગત્ સાથેના ધાર્મિક અને સામાજિક સંબંધનું દિગ્દર્શન કરાવવું.

(ચ) આ. મહારાજશ્રીની વિચારસૃષ્ટિ.

મહારાજશ્રીના જીવનકાળમાં ઉપસ્થિત થયેલ ધાર્મિક, સામાજિક અને રાજકીય સવાલોને અંગે મહારાજશ્રીના વિચારો:—

(૧) જુદા જુદા ગચ્છો અને સંપ્રદાય અંગેના વિચારો.

(૨) વર્ણાશ્રમ માર્ગ. (૩) દીક્ષા પ્રકરણ—બાલદીક્ષા.

(૪) તિથિચર્ચા. (૫) દેવદ્રવ્ય. (૬) હરિજન મંદિર પ્રવેશ.

(૭) જૈન કોન્ફરન્સ. (૮) કોંગ્રેસની પ્રવૃત્તિ.

(૯) ગાંધીયુગ અને દેશકાળનું પરિવર્તન.

(૧૦) હિંદુસ્તાનને મળેલ આઝાદી, તેમાં ધર્મને સ્થાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સવાલોને અંગે આ. મહારાજશ્રી કેવા વિચારો ધરાવતા હતા, તે વિચારોની પછવાડે તેઓશ્રીની માન્યતાનાં કયા કયા કારણો હતા તે બતાવવા યથાશક્તિ યત્ન કરવો.

આ સવાલોની છણાવટ કરતી વખતે જે સમય અને જે દેશમાં તેઓશ્રીએ ધાર્મિક જીવન વ્યતીત કર્યું હતું, તે સમય અને દેશની તે વખતની પાશ્ચાત્ય ભૂમિકા ( back-ground ) ધ્યાનમાં રાખવી જોઇએ, નહિ તો ભૂલ થવા સંભવ છે.

(છ) આ. મહારાજની શિષ્યપરંપરા.

(૧) શિષ્યપરંપરાનો પરિચય. (૨) મહારાજશ્રીનો શિષ્યો પ્રત્યે ભાવ.

(૩) શિસ્ત સાચવવાની સતત જાગ્રતિ. (૪) શિષ્યવર્ગનું હવે પછીનું કર્તવ્ય.

(૫) બીજા સંપ્રદાયોમાં કેટલેક દરજ્જે નિર્નાયકપણું અને છિન્નભિન્નતા વર્તે છે, તે અટકાવવાના પૂર્વોપાયની વિચારણા.

મહારાજશ્રીનું જીવનચરિત્ર કેવું લખાવું જોઈએ તેની રૂપરેખા માત્ર દર્શાવવાનો મારો આ પ્રયાસ છે.

સાહિત્યના ક્ષેત્રમાં જીવનચરિત્રો એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. માનવતા–માનવજાતિનો અભ્યાસ જ્ઞાનની વૃદ્ધિ માટે ઘણો ઉપયોગી છે. અને માનવજાતિના વાસ્તવિક અભ્યાસ માટે વિશિષ્ટ વ્યક્તિ–માનવીના અભ્યાસની ખાસ જરૂર છે. જીવનચરિત્ર એવું આલેખવાવું જોઇએ કે તે જોતાં જીવનચરિત્રનો નાયક જીવતો–જાગતો–વિધવિધ પ્રવૃત્તિઓ કરતો–વિધવિધ સ્વભાવનું દર્શન કરાવતો આપણી જ્ઞાનચક્ષુ પાસે ખડો થઇ જાય. તે ચરિત્ર વાસ્તવ જોઇએ, કાલ્પનિક ન જોઇએ. જીવનની પૂર્ણતા સાથે જીવનની ત્રુટીઓ પણ અંકાવવી જોઇએ. અલબત્ત ચરિત્ર લખનારના નાયકના જીવન પ્રત્યે સહાનુભૂતિ અને સદ્ભાવ હોવા જોઇએ, નાયકના સ્થૂળ જીવન કરતા, ભાવજીવન વધારે ઉપયોગી છે. એટલે નાયકની વિધવિધ ભાવવૃત્તિઓ–હાસ્ય, વિનોદ, કોપ, સમતા, સંયમ, કટાક્ષ વિગેરેને સ્થાન મળવું જોઇએ. ટૂંકામાં આ. મહારાજશ્રીના જીવનચરિત્ર લખવામાં કેટલી હકીકતો ધ્યાનમાં લેવાવી જોઇએ, તેનું આ દિગ્દર્શન છે. આચાર્ય મહારાજશ્રીના જીવન દરમ્યાન તેઓશ્રીના અનેક સંસ્મરણ–ચિન્હો ઊભા થયા છે, હવે તેઓશ્રીના શિષ્યો અને ભક્તોની ફરજ છે કે–આવું એક જીવનચરિત્ર લખાય અને ભાવી પ્રજાને પ્રેરણારૂપ બને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસનસમ્રાટ

લેખકો–મુનિશ્રી દર્શનવિજયજી, જ્ઞાનવિજયજી
તથા ન્યાયવિજયજી—(ત્રિપુટી)

**આ**પણી ગત વીસમી સદી તરફ નજર નાંખતાં જૈનશાસનના ત્રણ પ્રભાવિક મહાત્માઓ આપણી નજર સમક્ષ તરવરે છે. વીસમી સદીના પૂર્વાર્ધ્ધ કાલમાં પૂ. પા. શ્રીમૂલચંદ્રજી ગણિવર્ય મહારાજ મહાપ્રતાપી અને શાસનના સમર્થ જ્યોતિર્ધરરૂપે જણાય છે. અને એટલા ખાતર પૂજ્ય શ્રીઆત્મારામજી મહારાજે તેઓશ્રીને **"મુક્તિગણી સંપ્રતિ રાજા"**ના નામથી સંબોધી ભક્તિની અંજલી આપી છે.

તેમની પછી બીજા મહાન જ્યોતિર્ધર પૂ. પા. શ્રીવિજયાનંદસૂરીશ્વર(પૂ. શ્રીઆત્મારામજી) મહારાજ આપણી નજરે તરવરે છે. તેઓ આખા હિન્દના જૈન સંઘમાં પ્રસિધ્ધ હતા. હિન્દ અને હિન્દ બહારના વિદ્વાનો તેમનું બહુમાન કરતા હતા. તેમની વિદ્વત્તા, તેમની વાદપ્રતિભા અને હિન્દી સાહિત્યસર્જનપ્રતિભાએ તેમને મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવર પછીના અદ્વિતીય સર્વશ્રેષ્ઠ વિદ્વાનનું ગૌરવ અપાવ્યું છે.

અને વીસમી સદીના ઉત્તરાર્ધ્ધમાં ત્રીજા મહાન જ્યોતિર્ધર, મહાપ્રભાવક આચાર્યશ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**નું નામ આવે છે. તેમનું ઉજ્જ્વલ ચારિત્ર, અદ્દભુત બુધ્ધિપ્રતિભા, વિવાદપટુતા, વિદ્વત્તા અને શાસનસંરક્ષણતાએ તેમને **શાસનસમ્રાટ**નું ગૌરવવંતું બિરુદ અપાવ્યું હતું.

પૂજ્ય શ્રીઆત્મારામજી મહારાજ પછી શ્રમણસંઘમાં ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિ અભ્યાસની પ્રવૃત્તિ વધી હતી એમાં શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અગ્રણી હતા. પોતે સમર્થ નૈયાયિક અને ભારતીય દર્શનશાસ્ત્રોના સમર્થ અભ્યાસી હતા. જેની સાક્ષી તેઓશ્રીના તદ્દવિષયક ગ્રંથો આપી રહ્યા છે એવી જ રીતે વ્યાકરણ અને સાહિત્યના પણ તેઓ ધુરીણ વિદ્વાન હતા એને માટે પણ એમના આ વિષયના ગ્રંથો સાક્ષી આપી રહ્યા છે. તેવી જ રીતે તેઓશ્રીએ પોતાના સમુદાયમાં પણ ખૂબ જ અભ્યાસ પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. અને એના જ પરિપાકરૂપે શ્રીવિજયદર્શનસૂરિજી મહારાજ, શ્રીવિજયોદયસૂરીશ્વરજી મહારાજ, શ્રીવિજયનંદનસૂરિજી મહારાજ, શ્રીલાવણ્યસૂરિજી મહારાજ, વિજયપદ્મસૂરિજી મહારાજ, શ્રીવિજયઅમૃતસૂરિજી મહારાજ વગેરે વગેરે શિષ્ય–પ્રશિષ્યો શાસનશોભા વધારી રહ્યા છે.

પૂ. શ્રીમૂલચંદ્રજી મહારાજે શરૂ કરેલી સાધુસંસ્થાને વધારવાની પ્રવૃત્તિ પણ તેમણે ચાલુ રાખી હતી. અને તેજસ્વી સાધુઓ વધે તે.માટે ભગીરથ પ્રયત્ન કર્યા હતા.

શાસનસેવા માટે, શાસનની પ્રભાવના માટે અને શાસનની ઉન્નતિ માટે સમાજને જાગ્રત કરવા અને શાસન માટે પ્રાણ આપવા તૈયાર થનાર આપણામાંથી જ જાગવા જોઇએ આ દૃષ્ટિએ સાધુઓ અને શ્રાવકો તૈયાર હોય તો સારું–આ તેમની દૃઢ અભિલાષા હતી.

સૂરીશ્વરજી મહારાજે મારવાડ અને મેવાડમાં વિચરી સ્થાનકમાર્ગીઓ અને તેરાપંથીઓ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામે સત્યમાર્ગદર્શન કરાવવામાં પાછી પાની નથી કરી. આવું જ ગુજરાત અને કાઠિયાવાડમાં પણ એમણે સતત આંદોલન જગાડી સન્માર્ગ દર્શાવવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા છે અને સન્માર્ગની જ્યોતિ જ્વલંત રાખી છે.

તીર્થસેવા માટે એમની ધગશ કોઈથીયે છુપી નથી. શેઠ આ. ક. પેઢીના એક વારના તેઓશ્રી મુખ્ય પ્રાણ ગણાતા હતા. શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ, નગરશેઠ ચીમનભાઈ લાલભાઈ, નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઈ, શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ અને શેઠ પ્રતાપસી મોહોલાલભાઈ વગેરે વગેરે તેમના દૃઢ અનુરાગી ભકતોદ્વારા અનેક તીર્થોના સંરક્ષણ, જીર્ણોદ્ધાર અને વૃદ્ધિનાં શુભ કાર્યો તેમણે કરાવ્યાં છે અને પ્રાચીન તીર્થોના ઉદ્ધાર કરાવી નવીન પણ કરાવ્યાં છે.

જૈનગ્રંથ પ્રકાશક સભાદ્વારા અનેક પ્રાચીન, અર્વાચીન પુસ્તકો પ્રગટ કરાવ્યાં છે. એમાં સ્વરચિત અને શિષ્યપ્રશિષ્યાદિ રચિત પુસ્તકો જ કરાવ્યાં છે એમ નહિ, કિન્તુ પ્રાચીન પુસ્તકો મૂલરૂપે, ટીકારૂપે, વ્યાખ્યારૂપે પ્રકાશિત કરાવ્યાં છે. પૂ. પા. આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, પૂ. પા. કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ તથા પૂ. પા. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનાં બહુમૂલ્ય અપૂર્વ પુસ્તકો આ સંસ્થાદ્વારા બહાર પડ્યાં છે, અને સાહિત્યની મહાન્ સેવા આચાર્યવર્યના હસ્તે થઇ છે. તેમજ અનેક પ્રાચીન ગ્રંથોની ટીકાઓ અને વ્યાખ્યાઓ પણ નવી તૈયાર કરાવીને બહાર મૂકી છે. તેમજ સૂરીશ્વરજી મહારાજના અનેક શિષ્ય પ્રશિષ્યો દ્વારા અનેક પુસ્તકો અન્યત્ર પણ બહાર આવ્યા છે.

પરન્તુ સૌથી વધુ પ્રયત્ન જિનમંદિરોના જીર્ણોદ્ધાર પાછળ અને નવીન જિનમંદિરોના વધારવા પાછળ પણ તેમણે કર્યો છે. કદંબગિરિ, રોહીશાળા, મહુવા, વળા, ખંભાત, બોટાદ, અમદાવાદ, સેરીસા વગેરે વગેરે અનેક સ્થળોએ જીર્ણોદ્ધાર અને નૂતન જિનમંદિરોના નિર્માણ માટેના તેઓશ્રીના પ્રયત્નો જીવતાજાગતા છે. અને હજારો જિનબિંબો ભરાવી અનેક સ્થાને પધરાવ્યાં છે. પાંચમા આરામાં "તુજ આગમ તુજ બિંબ" આપણા માટે મુખ્ય અને સબલ આલંબન છે, એ વસ્તુનું તેઓશ્રીએ પ્રતિપાદન કરી જીવંત કાર્ય કર્યું છે.

આવી જ રીતે શ્રાવક ક્ષેત્રના ઉદ્ધાર, સંરક્ષણ અને વૃદ્ધિ માટે તેઓશ્રીએ મહાન્ પ્રયત્નો કર્યા છે. અનેક દુષ્કાળ, જળપ્રલય અને રોગોના ઉપદ્રવ સમયે જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં શ્રાવક ક્ષેત્રમાં ગુપ્તદાન અપાવવાની એમની શક્તિ કામ કર્યા જ કરતી હતી. પોતાના શ્રીમંત ભકતોદ્વારા શ્રાવક ક્ષેત્રમાં પુષ્કળ ગુપ્તદાન અપાવ્યાં છે.

તેમજ કોઈ પણ ધાર્મિક કે જ્ઞાતિના ભેદભાવ સિવાય દુકાળ આદિમાં પણ દાન–રાહત અપાવતા. અનેક પાંજરાપોળો અને એવી જ બીજી સંસ્થાઓ પણ તેઓશ્રીની શક્તિથી જીવંત બની હતી.

ખરેખર સૂરિજીમહારાજ શાસનસમ્રાટ હતા એમાં તો શંકા નથી. એક રીતે હું તો વર્તમાન સંવેગ પક્ષના યોગોદ્વહનપૂર્વકના–વિધિપૂર્વકના તેઓશ્રી આદિમ આચાર્ય હતા. એમનું અદ્ભુત જ્ઞાન, વિદ્વત્તા અને પાંડિત્ય, તેમ જ જબરજસ્ત વકતૃત્વશક્તિ અને સંચાલન શક્તિ અદ્ભુત હતી. તેઓશ્રીની શ્રીવીતરાગ શાસન માટેની શ્રદ્ધા દૃઢ હતી. ગમે તેવો વિકટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસંગ આવ્યો હોય પણ શાસન માટે તેઓ હાજર જ છે, અરે ! શાસન-તીર્થ, જિનવાણી કે સંઘ વિરુદ્ધ કોઇ બોલે, કોઇ આચરે કે પ્રવર્તે એનું એમને ભારે દુઃખ થતું; અને આવા પ્રસંગે કોઇ ચમરબંધીને પણ કડવું સત્ય કહેવું હોય તો તેઓશ્રી લગારે અચકાતા નહિ.

એમનું ઉજ્જવલ જ્ઞાન, તદનુરૂપ અનુપમ દૃઢ શ્રદ્ધા અને ઉજ્જવલચારિત્ર ભલભલાને આકર્ષતું હતું. અનેક રાજા, મહારાજા, ઠાકોરો અને અધિકારીઓ પણ તેમનાથી ખૂબ આકર્ષાતા; તેમનાં દર્શન અને તેમની સિંહગર્જના સમી બુલંદ વાણીનું શ્રવણ કરી કૃતકૃત્યતા અનુભવતા.

શેઠ માકુભાઇના સંઘ વખતે તેઓશ્રીનો અમારી ત્રિપુટીને ખૂબ જ પરિચય થયો. ઘણીવાર રાત્રિના બબ્બે અને ત્રણ ત્રણ વાગ્યા સુધી ખુલ્લા દિલથી વાર્તાલાપ ચાલતો. ખાસ કરીને ભૂતકાલીન સંસ્મરણો ચાલે ત્યારે પૂજ્ય શ્રીમૂલચંદજી મહારાજ અને પૂજ્ય શ્રીવૃદ્ધિચંદજી મહારાજના જીવનપ્રસંગો સંભળાવતા. તેમાંયે પૂ. શ્રીમૂલચંદજી મહારાજના સમયની જૈન સંઘની સ્થિતિ, યતિસંસ્થાનું પ્રાબલ્ય, સ્થાનકમાર્ગીઓનું જોર અને ઉપદ્રવો, અમદાવાદમાં શાંતિસાગરજીનો મત અને તેના પ્રચાર સામે અને આપણા જ પક્ષમાં પણ અનેક વિભેદો આ બધા વચ્ચે મેરુની જેમ અડગ ઊભા રહી બધાનો સામનો કઇ રીતે કર્યો તે અને તેના પ્રત્યાઘાતો ઉઠતા ત્યારે કેવી કુશલતા અને દક્ષતાથી સામે પાર નીકળતા આ બધા પ્રસંગો અમને કહેતા. અને એ સંસ્મરણો યાદ કરીકરીને જે ગુણજ્ઞતા તેઓશ્રી દર્શાવતા એ તો કદીયે ભૂલી શકાય તેમ જ નથી.

તેવી જ રીતે ખૂદ સુરિજીમહારાજના બનેલા કાપરડાજી તીર્થ, પોસીનાજી તીર્થ અને કદંબગિરિ તીર્થના કટોકટીના અદ્ભૂત મહત્ત્વપૂર્ણ ગંભીર પ્રસંગો, મેવાડ અને મારવાડના તેઓશ્રીના અદ્ભૂત અનુભવ પ્રસંગો સંભળાવ્યા છે, જેની સ્મૃતિ થતાં આજ પણ રૂવાંડાં ઊંચાં થાય છે.

અને છેલ્લે મુનિ સમ્મેલન પ્રસંગે એમની કીર્તિનો કળશ ચઢયો હતો એમ કહું તો ચાલે. નગરશેઠ કસ્તુરભાઇ મણિભાઇની બુદ્ધિમત્તા અને વ્યવહારદક્ષતા, પૂજ્ય સાગરજી મહારાજ, પૂજ્ય શ્રીવલ્લભસુરિજીમહારાજ વગેરેનો સહકાર એ બધું ખરું, પરન્તુ આ બધા ઉપરાંત સૂરિજીમહારાજનું વર્ચસ્વ અદ્ભૂત હતું એમાં શંકા નથી. એમની નિષ્પક્ષતા, સત્યપ્રિયતા, દક્ષતા અને ગંભીરતાએ આ સમ્મેલનને યશસ્વી બનાવ્યું હતું એમાં સંદેહ જ નથી. એમાંયે મુનિસમ્મેલનનો દશમો ઠરાવ જે પાસ થયો એનો તો અમને જાતિ-અનુભવ છે. યુ. પી. સી. પી. અને રાજપુતાનામાં અન્યધર્મીઓના જૈનધર્મ ઉપર થતા આક્ષેપો, દિગંબર પંડિતોના શ્વેતાંબર આગમ સાહિત્ય તીર્થ અને સંઘ ઉપર થતા આક્રમણો, સ્થાનકમાર્ગી સાધુઓ આપણાં જ છાપાંઓ લઇ, વીરશાસન અને જૈનમાં એક બીજા તરફ થતા આવતા આક્ષેપો વાંચી લોકોને કેવી રીતે શ્રદ્ધાહીન કરી પોતાના તરફ વાળે છે તે આ બધું જ્યારે અમે તેઓશ્રીને સંભળાવ્યું, અને એના પ્રતિકાર માટે આપણે કંઇક કરવું જ જોઇએ એમ જણાવ્યું કે તરત જ સૂરિજીમહારાજે આ પ્રશ્ન ઉપાડી લીધો. એમની ઢબે આ પ્રશ્ન ઉપાડતાં કહ્યું-બોલને ભાઇ દર્શનવિજય, શું કહેવું છે તારે ? બસ, આમ કહી આ વિષય ચર્ચી ઠરાવ મુકાવ્યો અને પાસ કરાવ્યો. બધામાંથી ચુંટીને પાંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્ય ભગવંતો અને મુનિમહાત્માઓની પ્રતિકાર સમિતિ નિમાઇ અને સમસ્ત સંઘે આ સમિતિને સહકાર આપવો તેમ જણાવ્યું. તેના સંચાલન માટે ગૃહસ્થોની કમિટી પણ સૂરિજીમહારાજે જ નીમી. '**જૈનસત્યપ્રકાશ**' માસિક શરૂ કરાવ્યું.

આ મહાન્ શાસનસમ્રાટનું એમની ભવ્યતાને ઉચિત મહાન્ સ્મારક થવું જ જોઇએ. શ્રી જૈનસંઘની, તેઓશ્રીના ભકતોની અને તેઓશ્રીના આઠ દિક્પાલ સમા પ્રતાપી આઠે આચાર્યમહારાજાદિ શિષ્યોની ફરજ છે કે તેઓશ્રીનું મહાન અમર સ્મારક જરૂર રાખે. ગામેગામના શ્રીસંઘો પૂજાઓ ભણાવશે, મહોત્સવો કરશે, પુસ્તકો છપાવશે એ બધું ભક્તિની અંજલીરૂપે થાય એ ઉચિત છે; કિન્તુ તેઓશ્રીની ભવ્યતાને અનુરૂપ જ્ઞાન અને શાસનસેવારૂપ અમર સ્મારક રચાવું જોઇએ. તેઓશ્રીની અભિલાષા એક સુંદર **સાધુ પાઠશાળા**–શ્રીશ્રમણ-સંઘ વિદ્યામંદિર શરૂ કરવાની હતી. શ્રીકદંબગિરિરાજની છાયામાં રહેલી ધર્મશાળામાં સાધુ-મહાત્માઓ રહે, ખૂબ પઠન–પાઠન કરે, શાસ્ત્રસ્વાધ્યાય,–મનન–ચિંતવન કરે અને શાસન દીપાવે. આત્મહિત સાધે અને વિશ્વને શાંતિનો સંદેશ–ભગવાન શ્રી મહાવીર દેવની વાણી સંભળાવે. અધ્યાપકો સાધુઓ જ રહે. પોતાના શિષ્યો જૈન ન્યાય, જૈન વ્યાકરણના આચાર્યો છે, આગમ શાસ્ત્રના દીર્ઘ અભ્યાસી છે, તેઓ કોઇ પણ જાતના મારાતારાના ભેદભાવ વિના બધાને ભણાવે. લાંબો સમય સ્થિરતા રાખીને સાધુ મહાત્માઓ ભણીગણીને તૈયાર થાય અને ભારતના ખૂણે ખૂણામાં વિચરી–જૈન શાસનની વિજય પતાકા ફરકાવે. આનો સૂરિજી-મહારાજને ખાસ આગ્રહ હતો. અમને ઘણીવાર કહેતા...કેમ તારા ચેલાને ભણવા મોકલીશ ને ? આવી જ રીતે—

અમદાવાદ પણ સૂરિજીમહારાજનું ઋણી છે. આજે હિન્દના લેંકેશાયરનું માન પામતું અમદાવાદ વિદ્યાનગર પણ બને છે, અહીં યુનિવર્સીટી થાય છે. કોલેજો–વિદ્યા-ભવનો–સંસ્કૃત પાઠશાળાઓ ચાલે છે. આવા વિદ્યાધામમાં એક જૈન ભવ્ય પુસ્તકાલય સ્થપાય તેની પૂરેપૂરી જરૂર છે. માત્ર પુસ્તકાલય જ નહિ સંશોધન–પ્રકાશન અને જિજ્ઞાસુ-ઓની જિજ્ઞાસા તૃપ્ત થાય એવાં સાધનો મલે; ત્યાં જ પઠન–પાઠન–સંશોધન પણ થઇ શકે. દુનિયાભરનું જૈન સાહિત્ય હાજર થાય. પ્રકાશિત, અપ્રકાશિત સાહિત્ય ભંડોળ ભરાય અને જૈન કે જૈનેતરો અભેદભાવે લાભ લઇ જ્ઞાનપિપાસાને સંતોષે એવાં સાધનો આમાં હોય. સૂરિજીમહારાજના નામનું બૃહદ્ જૈન પુસ્તકાલય સ્થપાય એ પણ અમર અને તદનુરૂપ સુંદર સ્મારક છે.

સૂરીશ્વરજી મહારાજના વિદ્વાન્ શિષ્ય–પ્રશિષ્યરત્નો, આઠ દિક્પાલ જેવા આઠ સુરિપુંગવો ભારતની આઠે દિશામાં વિચરી શાસનપતાકા ફરકાવે. સૂરિજી મહારાજના પગલે ચાલે, શાસન દીપાવે એ જ અભ્યર્થના છે.

શાસનસમ્રાટ્ સુરિપુંગવ મહાત્માના સુવિહિત વિદ્વાન્ શિષ્યરત્નો અને ભક્ત શ્રાવક વર્ગ સહકાર સાધી સૂરિજીમહારાજનું અમર સ્મારક બનાવે તે અભિલાષાપૂર્વક વિરામ પામીએ છીએ.

અમે માત્ર ભક્તિ, હ્રદયની લાગણી અને શુભેચ્છાથી શાસનસમ્રાટ્ પ્રતિ પ્રેમ–ભક્તિ અને હ્રદયાંજલી આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *પૂજ્યપાદ્ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયનેમિસૂરિ-સ્તુતિ.

( દેશી-કાલી કમલીવાલે, અથવા સિદ્ધાચલના વાસી. )

મહુવા નગરનિવાસી, સૂરિવર નેમિ પ્રણમું પાય; સૂ૦ એ ટેક૦
ત્રાતા લક્ષ્મીચંદ ને માતા, દીવાળી દેવી વિખ્યાતા;
ધન્ય ધન્ય અવતાર—સૂ૦ ૧
ઓગણીસો ઓગણત્રીસ સાલ, કાર્તિક શુદિ એકમ શુભ કાલ;
જન્મ્યા જયજયકાર—સૂ૦ ૨
વૃદ્ધિચંદ્ર ગુરુ ગુણ ભરીયા, પૂરવ પુન્યથકી તે મળીયા;
હર્ષતણો નહીં પાર—સૂ૦ ૩
ઓગણીસો પીસ્તાલીસ સાલ, જેઠ શુદિ સાતમ સુખકાર;
ગ્રહ્યું સંજમ સુરસાલ—સૂ૦ ૪
ઓગણીસો ચોસઠમા વર્ષે, જેઠ શુદિ પાંચમ દિન હર્ષે;
સૂરિપદ પામ્યા સાર—સૂ૦ ૫
શુદ્ધ સંયમ ગુણ છત્રીસધારી, બાલથકી શુભ શીલ ગુણધારી;
સમતારસ ભંડાર—સૂ૦ ૬
જિનશાસનનમાં રવિ સમ સોહે, ચંદ્ર સમા શીતલ મન મોહે;
દર્શન આનંદકાર—સૂ૦ ૭
દીવાળી દિન વિક્રમ સાલ, પાંચ ઉપરની દોય હજાર;
સ્વર્ગમહીં સંચાર—સૂ૦ ૮
સંઘ સકલમાં શોક છવાયા, મુનિ ગણ ભક્તજનો દુઃખ પાયા;
×ઝવેર દુઃખ અપાર—સૂ૦ ૯

**શ્રી ઝવેરચંદ છગનલાલ-મીયાગામ-કરજણ.**

---

* આ સ્તુતિમાં આ૦ મ૦ ના માતાપિતાનાં નામ, જન્મ, દીક્ષા, આચાર્યપદ અને સ્વર્ગગમનની સાલ, મિતિ વગેરેની અલ્પ હકીકત આપવામાં આવી છે. આ સ્તુતિ આ૦ મ૦ ના જયંતિ ઉત્સવ અથવા કોઇપણ તેઓશ્રીના ઓત્સવપ્રસંગે ગાઇ શકાય તેમ છે.

× મને આ૦ મ૦ નો કદી પણ સમાગમ થયેલ નથી પરંતુ તેઓશ્રી પ્રતિના ગુણાનુરાગ અને ભક્તિભાવથી તેઓશ્રીના અંતિમ સમયના સ્મરણરૂપે આ સ્તુતિ એક બાળક્રીડારૂપે જ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. શ્રી વિજયનેમિસૂરિનાં સંસ્મરણો

લેખકઃ—મૌક્તિક

આ. શ્રી વિજયનેમિસૂરિ સંબંધી સંસ્મરણો લખવા એ બહુ સુલભ કામ છે. એમને વૃદ્ધિચંદજી મહારાજ ' નેમા, નેમા ' કહીને બોલાવતાં અને હુલાવતા તે પણ હજુ યાદ છે અને નાના નેમચંદને દીક્ષા આપતાં વૃદ્ધિચંદજીને કેટલું સહન કરવું પડ્યું હતું તે પણ યાદ છે. એટલે એ પ્રતાપી પુરુષના સંબંધમાં મારા પૂરતું થોડું યાદ કરું અને આ પ્રકારની નિવાપાંજલિ અર્પું.

લગભગ સં. ૧૯૪૫ ની સાલમાં જ્યારે હું દશ વર્ષની વયનો હતો ત્યારે મહારાજશ્રી વૃદ્ધિચંદજી સાથે પ્રતિક્રમણ કરવાની મને અને મારા કાકા ગુલાબચંદને પરવાનગી મળી હતી. હું પ્રતિક્રમણ કરી મહારાજશ્રી વૃદ્ધિચંદજીની પાટ નીચે મારું કટાસણું, ધોતિયું અને ચરવળો મૂકતો હતો. વૃદ્ધિચંદજી મહારાજ એ પ્રથમની ઓરડીમાં મારવાડીને વડે સાધુઓ સાથે પ્રતિક્રમણ કરતા હતા. એક દિવસ સાંજે આવીને તપાસું તો મારો ચરવળો ગેપ ! મહારાજ વૃદ્ધિચંદજી તો દેવાંશી પુરુષ હતા. તેઓ હસતા હસતા મને ' મોતીરામ ' કહીને બોલાવતા. તે દિવસે કહે કે–ચરવળો હાલ બે ચાર મહિના નહિ મળે મને ભારે આશ્ચર્ય વચ્ચે માલૂમ પડ્યું કે મારો ચરવળો જે ઠીક ઠીક હતો તેના ફરતું ઓધારિયું વીંટી તે નેમિસૂરિને વાપરવા તૈયાર કર્યો હતો. વાત એમ હતી કે નેમવિજયજીને મોટા સમુદાયની વચ્ચે દીક્ષા આપવામાં આવી ન હોતી. તેમના પિતા તોફાન ન જગાવે તેટલાસારુ તેને સાધુવેશ આપવામાં આવ્યો હતો. મારા ચરવળાનો આવો સારો ઉપયોગ થતો જોઇ મને આનંદ થયો અને હસતાં હસતાં મારા દાદા જે તે વખતે જીવતા હતા તેમને વાત કરી. તે તો વળી ઘણા રાજી થયા. આ રીતે શ્રી નેમવિજયજીને હું દીક્ષાદિનથી ઓળખું.

પછી તેમને સંસ્કૃતનો અભ્યાસ કરવા માટે દાનવિજયજી પાસે રાખ્યા. તે વખતે તો સામાન્ય સાધુ થશે એમ લાગતું હતું પણ ધીમે ધીમે તેમની બુદ્ધિનો ચમકારો થાય એવા પ્રસંગ તેમને મળતા ગયા અને તેનો તેમણે પૂરતો લાભ લીધો. તેઓ બે ચાર વર્ષમાં તો જાણે કાશીએ જઇને સંસ્કૃત ભણી આવ્યા હોય તેવા ન્યાયશાસ્ત્રના પારગામી થયા. ગુરુમહારાજ તો તેમને ' નેમા, નેમા ' કહીને બોલાવે અને વય નાની હોવાથી તે અમારી જેવા લઘુવયસ્ક બાળકોને હસીને બોલાવે. પણ ભવિષ્યમાં તેઓ જે ઉચ્ચપદ પામવાના હતા અને યશ પ્રાપ્ત કરવાના હતા તેની શરૂઆત આવી વિચિત્ર રીતે થઇ અને સંયોગબળે મેં તે બરાબર જોઈ હતી.

ચાર વર્ષમાં નવીન ન્યાયના પ્રખર અભ્યાસી બની સુંદર ચર્ચા કરે એ તો તે કાળને અંગે અદ્‌ભુત સંસિદ્ધિ ગણવામાં આવતી હતી. સાધુ તે વખતે રાસરાસડા બનાવતા હતા અને કોઈ સંસ્કૃત જાણનાર હોય તે તો અતિ આશ્ચર્યકારક ગણાતું.

પછી ચાર છ માસ બાદ એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા સમક્ષ નેમવિજય થયા. તે વાત પણ સં. ૧૯૪૫ માં બની અને ત્યારે મારો ચરવળો મને પાછો મળ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારપછી મેં એમનો ગણધરવાદ સાંભળ્યો. એ અપૂર્વ વાદ વેદના ઉચ્ચાર અને ગાન સાથે સાંભળાવી ભાવનગરને એમણે છક્ક કરી નાંખ્યું. જે ગણધરવાદના વાંચનમાં દીવા થતા હતા તે તેમણે દિવસ છતાં પૂરો ઘણી અસરકારક રીતે કર્યો.

તેમનું ત્યારપછી અમદાવાદ તરફ વિહાર કરવાનું થયું. ત્યાં તેમણે ઘણી પ્રતિષ્ઠા મેળવી અને જમાવી. હું પણ તેમને વંદન કરવા અને સુખશાતા પૂછવા અનેક વાર અમદાવાદમાં ઉપાશ્રયમાં મળ્યો અને તેમણે કરેલાં કાર્યોની હારમાળા જોઇ, જાણી અને મારા ચરવળાથી દીક્ષા ( ખોટી ) લેનારની આ પ્રતિષ્ઠા સાંભળી મને ઘણો આનંદ થયો.

મેં એમને શહેર પાટણ( અણહીલપુર )માં જાહેર રસ્તા ઉપર વ્યાખ્યાન આપતાં સાંભળ્યા ત્યારે મને મનમાં થયું કે--ન્યાયશાસ્ત્રના તો તેઓ પાકા અભ્યાસી છે અને શ્રોતાઓની પાસે કેવા આકારમાં દલીલ કરવી તે બરાબર જાણે છે. એ આખું વ્યાખ્યાન કલાકો સુધી ચાલ્યું. હું તો ત્યાં કોન્ફરન્સના કામ સારુ ગયો હતો, મને ફુરસદ નહોતી, છતાં આખું ભાષણ સાંભળવાની લાલચ દૂર કરી શક્યો નહિ. તે દલીલસરનું પણ ન્યાયનું અતિ ઉત્તમ ભાષણ હતું પણ ગામડાનો માણસ પણ સમજી શકે તેવી પરિભાષામાં જાહેર રસ્તા પર તે વ્યાખ્યાન હજારો લોકો સમજી શકતા હતા. આવા સુંદર વિદ્વાનને સાંભળવા તે પણ જિંદગીનો એક લહાવો છે.

જે ભાવનગરમાં તેમના પિતા વિગેરેના વિરોધ છતાં દીક્ષા થઈ હતી, ત્યાં થોડા વર્ષ પછી તેઓની આચાર્ય પદવીની ક્રિયા મેં જોઈ. હું આશ્ચર્યચકિત થયો. એમને આચાર્યપદવી આપનાર મુનિ ગંભીરવિજયજી જ્યારે તેમને વાંદી રહ્યા હતા, તેઓશ્રી આચાર્ય બની ચૂકયા હતા ત્યારે આ ક્રિયાની મહત્તા મને સમજાઇ અને શ્રી ગંભીરવિજયજીને મેં તે દિવસે બરાબર ઓળખ્યા, જાણ્યા અને મને તે જૂના વિચારના ગુરુ પર હૃદયનું બહુમાન થયું.

બાલ્યકાળથી બ્રહ્મચારી અને સ્ત્રીને વ્યાખ્યાનના વખત સિવાય પોતાના ઉપાશ્રયમાં પણ પગ મૂકવા ન દેવાનો આગ્રહ રાખનાર ખરેખર સિંહ જેવા હતા અને જો કે તે નિયમ પોતાના શિષ્ય પ્રશિષ્યના હિત ખાતર અમલમાં મૂકવાનો આગ્રહ રાખતા, પણ તે નિયમ ઠેઠ સુધી ચાલુ રાખવામાં તેઓ સમજણપૂર્વક મક્કમ રહ્યા હતા અને આજન્મ બાળબ્રહ્મચારીનું બિરુદ તેઓએ સત્ય કરી બતાવ્યું હતું.

આચાર્ય પદવી વખતે નામ ફરે છે. તેઓ વિજયનેમિસૂરિ થયા, હવે તેઓ મુનિ નેમવિજયજીના નામથી ઓળખાતા બંધ થયા. આ સર્વ વખતે હું દીક્ષા સમયનો ચરવળો આપનાર હાજર હતો તેથી મને પણ જોવાનો સારો પ્રસંગ સાંપડ્યો.

અને ગયા વર્ષમાં હું તેમને વંદન કરવા ગયો ત્યારે પોતે મને મારા નામથી બોલાવી પ્રેમથી કહે છેઃ " હું બહુ દુઃખી થઇ ગયો. " તેઓને પરાણે ચાલવું પડતું હતું અને શરીર ભારે દોહળું થઇ ગયું હતું. તે વાતે તેમના મન પર અસર કરી હતી એમ મને લાગ્યું. મેં જવાબમાં કહ્યું " આપને શું દુઃખ હોય? આપને અહીંઆ પણ મજા છે અને ત્યાં પણ મજા છે. સાધુને દુઃખ કેવું? " આટલું સાંભળીને પાટ પર બેઠેલા વિજયનેમિસૂરિ હસ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ ખૂદ ભાવનગરમાં દીક્ષિત થયેલા અને આચાર્ય પણ ત્યાં થયા, તેથી એ અસલ વીરભૂમિ–મહુવાના છતાં મારી નજરમાં તો ભાવનગરના જ લાગતા હતા અને મારા પર તેમનો સારો સ્નેહ હતો. જે થોડા પત્રો હું પર્યુષણ પછી પ્રત્યેક વર્ષે ક્ષમાપનાના લખું છું તેમાં તેમના તરફ એક પત્ર દર વર્ષે લખતો હતો.

તેઓનો અમર આત્મા શુભ ગતિને લાયક જ ગણાય. તેઓ શાંતિ અર્પે અને તેઓને શાંતિ થાય એટલું ઇચ્છી આ સંસ્મરણો નોંધી લઉં છું.

તેઓશ્રીએ ઘણો વખત અમદાવાદમાં પસાર કર્યો. તેઓએ પોતાના ઉપાસકોની ત્યાં તત્ત્વવિવેચક સભા સ્થાપી, મહુવા, વલ્લભીપુર વગેરે અનેક સ્થાનોનાં જીર્ણોદ્ધાર કરાવ્યા, ખાસ કાપરડા તીર્થને પ્રસિદ્ધ કર્યું અને તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને પાલીતાણાના રાજા સાથે ઝગડો થાય તેની રાજ્યદ્વારી નજરે ગવેષણા કરી બોદાના નેસ પાસે આવેલ અને ભાવનગર રાજ્યની સરહદમાં આવેલી ટેકરી ઉપર બાર ગાઉની યાત્રામાં હજારો પ્રતિમાજી વસાવી કદંબગિરિતીર્થનું સ્થાપન એવી રીતે કર્યું કે પાલીતાણાના રાજ્ય સાથે વાંધો પડે તો પણ શત્રુંજયની યાત્રા બંધ ન જ થાય. આ તેઓશ્રીની કુનેહભરી દીર્ઘદૃષ્ટિ હતી.

બાકી પાંજરાપોળના અમદાવાદના ઉપાશ્રયમાં અને તેની અગાશીમાં મેં તેઓશ્રી સાથે અનેક રાતો વિતાવી છે અને તેઓના વિચારો માનસહિત જાણ્યા છે. તેઓનું જીવન-ચરિત્ર બહાર પડશે તો તેને અંગે આ વિચારધારા જીવન્ત કરવાની ઇચ્છા વર્તે છે. ઉપા૦ યશોવિજયના ખંડનખાદ્યના અભ્યાસી, નવીન ન્યાયના પ્રણેતા અને ઉપાધ્યાય શ્રીમદ્યશો-વિજયજીના પરમ રાગી આ ઉન્નતિશાળી આત્માને ચિર શાંતિ પરમાત્મા અર્પે એટલું ઇચ્છું છું.

## ધન્ય જીવન

અમર રહો શ્રી વિજયનેમિસૂરિ, પરમ પ્રભાવક જેહનું નામ;
મનુષ્ય જન્મ ધરી શાસનસેવા, કરીને કાઢ્યું ઉત્તમ કામ. અમર૦ ૧
રહો અમર એ **નેમિસૂરીશ્વર**, તીર્થ ઉદ્ધરતા જેહના કામ;
રહો સર્વદા જિહ્વાગ્રે, શ્રી નેમિસૂરિનું પાવન નામ. અમર૦ ૨
હોજો સદાય ધર્મપ્રેમ ને, જ્ઞાનરુચિ વધજો અમ નિત્ય;
શ્રી નેમિસૂરિ સૂરિરાજની, આણા વરતો પરમ પવિત્ર. અમર૦ ૩
વિજયનેમિસૂરિ ૭૭ વર્ષે, કાળ કરી ગયા મહુવા ધામ;
જન્મભૂમિ પણ મહુવા ગામે, દીપોત્સવી દિન દેહ વિરામ. અમર૦ ૪
યશ કીર્તિ જસ જગમાં વધતાં, પણ શોકાતુર સંઘ તમામ;
નેમિસૂરિનું પવિત્ર જીવન, ખટકે શિષ્ય તેમજ જન આમ. અમર૦ ૫
મિથ્યાત્વ–વિદારક સમકિતદાયક, વાણી જેની અમૃત સમાન;
સૂરીશ્વરજીને વંદન હો, કોટિ કોટિ ઊગતે ભાણ. અમર૦ ૬
રિપુદલ વારી આત્મ ઉદ્ધારી, સદાય કરજો ભક્ત કલ્યાણ;
જીવન ધન્ય ખરેખર સરિનું, ધન્ય સૂરિનાં સદ્‌ગુણ જ્ઞાન. અમર૦ ૭

અચ્છાબાબા ( વેલજીભાઈ )–જામનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને

## ભાવભરી અંજલિ.

( રાગઃ—ભૈરવી. )

સાખી.

ડૂબ્યો ચંદ્ર નભમંડળમાં થયું દિલ ઘોર અંધારું,
અસ્ત થયો ભાનુ અમારો ગુરુવર ગુરુવર પૂકારું;
ભક્તો તમોને યાદ કરીને અંતર આંસુ સારે,
વિરહ વેદના ના સહેવાયે હૃદય રડે ચોધારે.
એ યુગના અવતારી નેમિસૂરીશ્વર પૂજ્ય ગુરુવર,
પરમ પર–ઉપકારી...એ યુગના૦ ૧

સૌરાષ્ટ્રમાં મધુમતી ગામે જન્મ લક્ષ્મીચંદ ઘેર નામે,
માતા દીવાળીના પ્યારા નંદન;
શૂરા સમતાધારી...એ યુગના૦ ૨

રાગ–દ્વેષ મદ–મોહને મારી, વર્યા ગુરુવર મુક્તિનારી,
કામ ક્રોધના ત્યાગી ગુરુવર;
શૂરા સમતાધારી...એ યુગના૦ ૩

જ્ઞાન ધ્યાન તપ ત્યાગ સમાધિ, અંતરમાં વીર આરાધી,
ૐમ્ અર્હંમની ધૂન જગાવી.
પંચમહાવ્રતધારી...એ યુગના૦ ૪

આત્મધ્યાનની જ્યોત જગાવી, સોઽહં સોઽહં ધૂન લગાવી,
જૈન અને જૈનેતર બોધ્યા.
અહિંસાના વ્રતધારી...એ યુગના૦ ૫

શાસ્ત્ર–વિશારદ બહુ ગુણધારી, કદંબગિરિમાં યાદ તમારી,
સૂરિસમ્રાટ પૂજ્ય ગુરુવર;
દર્શન દ્યો દયા ધારી...એ યુગના૦ ૬

દીવાળીમાં દીપ પ્રગટાવ્યા, તે દિન ગુરુવર સ્વર્ગ સિધાવ્યા.
વીર પ્રભુના નિર્વાણ દિવસે;
યાદી ગુરુવર તમારી...એ યુગના૦ ૭

ગણેશભાઇ પી. પરમાર–મુંબઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસનસમ્રાટ્‌ની જીવનસૌરભ.

લેખકઃ-મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ.

આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરિજીના વિદ્વાન શિષ્ય દક્ષવિજયજી મહારાજે સ્વર્ગસ્થ આ. મ. શ્રીવિજયનેમિસૂરીશ્વરજીના જીવનવૃત્તાંતનો વિદ્વત્તાભરેલો લેખ પ્રસિદ્ધિ માટે મોકલેલ: જગ્યાને અભાવે આખો લેખ લેવાઈ શકાયો નથી. તેમાંથી ઉપયોગી ભાગ અત્રે આપેલ છે.

" **आकृतिर्गुणान् कथयति** " આકૃતિ વ્યક્તિના ગુણોને કહે છે. અહો ! શું એ ભવ્ય આકૃતિ ! કેવી મનોહર મુખમુદ્રા ! જાણે ધૈર્ય, ગાંભીર્ય ને ઔદાર્યનો ભંડાર ! સાક્ષાત્ દાઢી મૂછવાળી બોલતી સરસ્વતીનો અવતાર ! નિઃસ્પૃહ અણગાર ! શાસનના શણગાર ! અજોડ જીવન કળાકાર ! અવિકારી અણિયાલી આંખોના આખંડલ ! લલાટપટ્ટ પર ઝગમગતા બ્રહ્મતેજના ભામંડલ ! સંતશિરોમણિ ! ગીતાર્થચૂડામણિ ! ભારતીય સંસ્કૃતિની પ્રતિકૃતિ ! ભારતની મહાન્ વિભૂતિ ! માનવજાતીય કેસરીસિંહ !

આવી ઉત્તમ ગુણોના ધામસમી આકૃતિ એટલે ? શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્ત્તિ સર્વ-તન્ત્રસ્વતન્ત્ર બાળબ્રહ્મચારી તપોગચ્છાધિપતિ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજય-**નેમિસૂરીશ્વર મહારાજ.**

## સંસારત્યાગ-શુદ્ધ ચારિત્રપાલન-અભ્યાસ.

શાંતમૂર્તિ વિશુદ્ધ ચારિત્રચૂડામણિ આધ્યાત્મિક ગુણરૂપી મહાસાગરના કલ્લોલોની વૃદ્ધિ કરવામાં ચંદ્રસમાન શ્રીવૃદ્ધિચંદ્રજી ( અપરનામ શ્રીવૃદ્ધિવિજયજી ) ગુરુમહારાજ પાસે નેમચંદ-ભાઈએ ભાવનગરમાં વિ. સં. ૧૯૪૫ના જેઠ શુદ સાતમે અસાર સંસારનો ત્યાગ કરી ૧૬ વર્ષની ઉછરતી ઉમ્મરે ભાગવતી દીક્ષા અંગીકાર કરી-જીવનવિકાસની મહાસિદ્ધિ સ્વીકારી-વિશ્વકલ્યાણની કમનીય કામનાના પવિત્ર પંથે જીવનનૌકાને હંકારી, અનંતા તીર્થં-કરો, ગણધરો ને ચક્રવર્તી આદિ મહાનુભાવોએ અપનાવેલા જીવનમંત્રની સાધના કરવા લાગ્યા. વિશુદ્ધ ચારિત્રની પરિપાલના, ગુરુભકિત, વડીલોનો વિનય, ગુણાનુરાગિતા, જ્ઞાન-સાહિત્ય ત્યાગ માર્ગમાં આગળ વધવાની ધગશ અને વિશ્વનો ઉદ્ધાર કરવાની તમન્ના આદિ ગુણોથી જીવનને વણી લીધું. ઉક્ત ગુણોના પ્રભાવે પરિચયમાં આવનારાઓને ખૂબ ખુબ આકર્ષ્યા અને તેઓના જીવનવિકાસમાં અપૂર્વ ચૈતન્ય સમર્પ્યું. વિનયગુણથી અને સ્વાભાવિક પ્રતિભાથી અલ્પ સમયમાં વિવિધ શાસ્ત્રોના પારંગત બન્યા એટલું જ નહિ પરંતુ મહાન્ તત્ત્વવેત્તા મુત્સદ્દી અને અનેક શાસનપ્રભાવક શાસ્ત્રો અને ગ્રંથોના નિર્માતા થયા અને એ રીતે અપૂર્વ સાહિત્યસેવા, શાસ્ત્રસેવા તથા શાસનપ્રભાવનાના ક્ષેત્રમાં ખૂબ ખૂબ આગળ ધપ્યા.

તેઓશ્રી સંસ્કૃત અસ્ખલિત ધારાએ બોલતા. સંસ્કૃતભાષા ઉપરનું તેઓશ્રીનું અતુલ પ્રભુત્વ હતું તેથી ભલભલા પંડિતો પણ સ્તબ્ધ બની મુક્તકંઠે પ્રશંસા કરતા. તેઓશ્રીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનસંપાદન કરવાની શક્તિ પણ અગાધ હતી. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રથમ સિદ્ધાંતકૌમુદી ભણ્યા. ત્યારબાદ એક જ ચોમાસામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિવિરચિત શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન–બૃહદ્વૃત્તિ આખી ભણી ગયા, જે અઢાર હઝારીના નામથી પ્રસિદ્ધ છે. રોજ સો સો સવાસો શ્લોકો કંઠસ્થ કરતા. કહો, આ વીસમી સદીમાં રોજના સવાસો શ્લોકો કંઠસ્થ કરવા–ભણી જવા એ શું નાનીસૂની વાત છે? આવી અસાધારણ જ્ઞાનસંપાદિકા નિર્મળ બુદ્ધિના પ્રભાવે જ અલ્પ સમયમાં ન્યાય, વ્યાકરણ, સાહિત્ય તથા આગમ શાસ્ત્રના અજોડ પ્રખર વિદ્વાન્ બન્યા. આવી અજોડ વિદ્વત્તા અને અખંડ બ્રહ્મચર્ય પરિપાલન તથા અતુલ મહાન્ પુણ્યબળના પ્રતાપે તેઓશ્રીએ રાજા–મહારાજાઓને પણ આકર્ષ્યા, અને આમ પ્રજા ઉપર મહાપ્રભાવ પાડ્યો.

## અપૂર્વ સાહિત્ય સેવા

તેઓશ્રીએ ન્યાય, વ્યાકરણના તથા ધર્મના અનેક શાસનપ્રભાવક ગ્રંથો રચી તથા અમુદ્રિત ન્યાય વ્યાકરણ આદિના ગ્રંથોનું પ્રકાશન કરાવરાવી સાહિત્યસેવાનો અપૂર્વ દાખલો બેસાર્યો છે. તેઓશ્રીના હૃદયકમળની પ્રાચીન સુસાહિત્ય પ્રચારની નિર્મળ યશની સુવાસનાના ફળરૂપે '**જૈનગ્રંથ પ્રકાશક સભા**'નું ઉત્થાન થયું અને અનેક શાસનપ્રભાવક ગ્રંથોનું સંપાદન તથા પ્રકાશન કાર્ય પૂરવેગે થવા લાગ્યું. અદ્યાવધિ તે સંસ્થાએ ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, પ્રકરણ, ઔપદેશિક, તત્ત્વજ્ઞાન આદિ અનેક વિષયોનાં ઉપયોગી સંખ્યાબંધ પ્રકાશનો કર્યાં છે અને અદ્યાવધિ કરી રહી છે. શાસનસમ્રાટે ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ બૃહદ્હેમપ્રભા, ૬૦૦૦ શ્લોકપ્રમાણ લઘુહેમપ્રભા તથા ૨૦૦૦ શ્લોકપ્રમાણ પરમલઘુહેમપ્રભા–એમ 'શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન' ઉપરથી પ્રક્રિયાબદ્ધ ત્રણ વ્યાકરણો બનાવી વ્યાકરણ સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે. જૈનન્યાયના અનેક ગ્રંથો ઉપર વિવિધ ટીકાઓ રચી છે, અને ન્યાયના નવા ગ્રંથો પણ રચ્યા છે, જે જૈનદર્શનના પ્રભાવક ગ્રંથો હોવાથી દાર્શનિકગ્રંથ કહેવાય છે. જેવા કે–સંમતિતર્ક ઉપર ૭૦ થી ૭૫ હઝાર શ્લોકપ્રમાણ ટીકા રચી છે. ન્યાયપ્રભા, તત્ત્વપ્રભા, ન્યાયાલોકવૃત્તિ, ખંડનખાદ્ય બૃહદ્વૃત્તિ, પ્રતિમામાર્ત્તંડ, ન્યાયસિંધુ, સપ્તભંગ્યુપનિષદ્, અનેકાંતતત્ત્વમીમાંસા અને સપ્તનયોપનિષદ્ આદિ અનેક ન્યાયના ગ્રંથો તથા ટીકાઓ રચી તર્કશાસ્ત્રની પણ અપૂર્વ સેવા બજાવી છે. જૈન સમાજને તેઓશ્રી તરફથી મળેલો આ વારસો અસાધારણ છે.

સ્થળે સ્થળે જ્ઞાનભંડારો ઊભા કરી, જ્ઞાનપ્રચારક તથા પ્રકાશક સંસ્થાઓ ઊભી કરી, નવા ગ્રંથો ને ટીકાઓ રચી, તથા અનેક અસાધારણ વિદ્વાનોનો સમુદાય પેદા કરી જગતને અજોડ સાહિત્યનો વારસો તેઓશ્રીએ સમર્પ્યો છે.

## અજોડ વ્યાખ્યાનશક્તિ યાને અપૂર્વ વક્તૃત્વ કળા.

શાસનસમ્રાટની વ્યાખ્યાન શક્તિ અજોડ હતી. તેઓશ્રીની વાણી ગંભીર હતી. બુલંદ અવાજ હતો. જાણે કેસરીસિંહ નાદ કરતો હોય તેવી તેઓશ્રીની ગર્જના હતી. તેથી લોકો તેઓશ્રીની દેશનાને 'સિંહ–ગર્જના' પણ કહેતા. તેઓશ્રીની વાણીમાં અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાદુઈ શક્તિ હતી. વાક્યે વાક્યે તત્ત્વજ્ઞાન ને અધ્યાત્મવાદની સૌરભ મહેકતી હતી. તેઓશ્રીની સાધારણ વાતચીતમાંથી પણ અનેક બોધપાઠો મળતા. તેઓશ્રીની વાણીમાં અજોડ ઓજસ હતું. પાષાણ જેવાને પણ દ્રવિત કરી દેતા. માર માર કરતો આવ્યો હોય તેને પણ શાંત કરી દેતા. તેઓશ્રીના વચનો ઝીલવા રાજા-મહારાજાઓ-સાક્ષર સમાજ-રાજકુટુંબો-મુત્સદ્દીઓ-દેશનેતાઓ તથા ચતુર્વિધ સંઘ સદાય આતુર રહેતાં. તેઓશ્રીએ અમુક શ્રીમંતને કહ્યું કે-તમારે અમુક ધાર્મિક કાર્યમાં અમુક રકમ આપવાની છે. એટલે બસ ત્યાં તથાસ્તુ યાને તહત્તિ કહીને તે વચનને ઝીલી લેતા.

## ગણિપદ, પંન્યાસપદ ને આચાર્યપદ.

તેઓશ્રીએ શાસ્ત્રીય વિધિપૂર્વક ઉલ્લાસથી ૪૫ આગમોના યોગોદ્વહન કર્યાં હતા. તેઓશ્રીની અતુલ પ્રતિભા, અદ્‌ભૂત વ્યાખ્યાનકળા, અસાધારણ બ્રહ્મતેજ આદિ શાસનપ્રભાવક શક્તિઓથી આકર્ષાઈ ગીતાર્થશિરોમણિ વિદ્વાન્‌ **પંન્યાસજી મ. શ્રી ગંભીરવિજયજી મ. શ્રીએ** વિ. સં. **૧૯૬૦** ના કાર્તિક વદ સાતમે **વલ્લભીપુર**( વળા )માં ગણિપદ તથા માગશર શુદ ત્રીજે **પંન્યાસપદથી** નેમિવિજયજીને વિભૂષિત કર્યાં અને ભાવનગરમાં વિ. સં. ૧૯૬૪ માં જેઠ શુદ પાંચમે **પંન્યાસ શ્રી નેમિવિજયજીને** સોત્સવ હજારો માનવમેદની વચ્ચે **પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજ**શ્રીના વરદહસ્તે ( પંચ પરમેષ્ઠિના ત્રીજા ) **આચાર્યપદથી અલંકૃત કરાયા,** ત્યારથી તેઓશ્રી **આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજીના નામથી પ્રસિદ્ધ થયા.** આ સૂરિપદપ્રદાન સમયે **ભાવનગરમાં જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનો પ્રસંગ** હોવાથી હિંદભરના સારા સારા આગેવાનો પણ સારી સંખ્યામાં હાજર હતા. વર્તમાન આચાર્યોમાં તેઓશ્રીને સૌથી પ્રથમ આચાર્યપદ પ્રદાન થયેલ હોવાથી અને પોતાની અદ્‌ભૂત ને અજોડ પ્રતિભાનો પ્રભાવ હોવાથી સમાજમાં તેઓ '**શાસનસમ્રાટ્‌** તેમજ **સૂરિસમ્રાટ્‌**' ના નામથી પંકાયા છે, અને તે વ્યાજબી જ છે.

## તીર્થોદ્ધારો

મોક્ષફળને અપાવનાર બોધિબિજ-સમ્યકત્વની પ્રાપ્તિ તેમજ પ્રાપ્ત સમ્યકત્વની નિર્મળતામાં અચૂક ફાળો આપનાર તારક તીર્થોના ઉદ્ધારો કરાવવા તથા નવાં તીર્થોનું સ્થળે સ્થળે નૂતનસર્જન કરવું એ તો શાસનસમ્રાટ્‌નો જીવનમંત્ર હતો. તેઓશ્રીના હૃદયમાં આ સ્થાવર તીર્થોની સેવાની એવી તો પ્રબળ ધગશ હતી કે જેના પરિણામે જીવનમરણના સંગ્રામો ખેડીને પણ અનેક જીર્ણ તીર્થોના મહાન ઉદ્ધારો કરેલા છે. અને કેઈ નવાં તીર્થો ઊભાં કર્યાં છે. તીર્થસેવાનો એક જ દાખલો અહિં ટાંકુ છું. તેઓશ્રી વિ. સં. ૧૯૮૧ની સાલમાં પાટણ પાસે આવેલા ચાણસ્મા ગામમાં ચાતુર્માસ વિરાજતા હતા. દરમ્યાન તેઓશ્રી સખત બીમાર પડ્યા. પ્રાયઃ ટાઈફોડ થઈ ગયો હતો. અડધા બળેલા પાણી ઉપર જ રહેતા હતા. બેચેનીમાં-બેશુદ્ધિમાં પણ એ જ હાર્દિક નાદ નીકળતો કે-"અમારા જીવતાં અમારા તીર્થોને લઈ જનાર કોણ છે? શું અમે મરી ખૂટ્યા છીએ?" ઈત્યાદિ. આ શબ્દોમાં કેટલી તીર્થસેવાની ધગશ ઝળકે છે તે વાંચક સમજી શકે તેવી વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી કદંબગિરિ, શ્રી રોહિશાળા, તળાજા, વલ્લભીપુર, મહુવા આદિ સૌરાષ્ટ્રનાં મહાન્ તીર્થો, શ્રી સ્તંભતીર્થ, શ્રી સેરીસા, વામજ, માતર તથા પોસીના આદિ ગુજરાતનાં તીર્થો, શ્રી કાપરડાજી, શ્રી રાણકપુરજી તથા શ્રી કુંભારીયાજી આદિ રાજસ્થાનના તીર્થો, આ તેર તીર્થોમાં તેઓએ પ્રાણ પૂર્યા છે. આ તીર્થોની જાહોજલાલી તેઓશ્રીને આભારી છે. શ્રીકદંબગિરિજી તથા શ્રી કાપરડાજી–આ બે તીર્થો માટે તો તેઓશ્રીએ પ્રાણાંત કષ્ટો વેઠયાં છે. એની પાછળ મોટો ઇતિહાસ સમાયેલો છે. ઉક્ત તમામ તીર્થોદ્ધારોની સફળતામાં તેઓશ્રીનું અજોડ વર્ચસ્વ, અપૂર્વ બ્રહ્મતેજ અને અસાધારણ મુત્સદ્દીગિરિ અને કઇ વ્યક્તિ પાસેથી કેવી રીતે કામ કરાવી લેવું, તે પારખવાની અજોડ શક્તિએ મોટો ભાગ ભજવ્યો છે. આ તીર્થોની જ્યાં સુધી વિશ્વમાં હયાતી છે, ત્યાં સુધી શાસનસમ્રાટ્‌ની યશોગાથા ગવાશે. આવાં અપૂર્વ સ્થાપત્યોનો વારસો સોંપનાર મહાન્ વિભૂતિનાં યશોગાથાનો ઇતિહાસ સુવર્ણાક્ષરે આલેખાશે. લખવા બેસીએ તો પાનાનાં પાના ભરાય માટે સંક્ષેપથી નોંધ માત્ર કરેલ છે. અસ્તુ.

## અપૂર્વ પ્રભાવ

શ્રી શત્રુંજય આદિ તીર્થોના પાલીતાણા ઠાકોર સાહેબ આદિ સાથે ચાલતા વિવાદાસ્પદ હક્ક–હકુમત આદિના ઝગડાઓ દરમ્યાન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટીઓને સમયે સમયે યોગ્ય સલાહ આપતા–ઉચિત માર્ગદર્શન કરાવતા, અણઉકેલ તેમ જ ગુંચવણીભરેલા પ્રશ્નોને ચર્ચી, કુશાગ્ર બુદ્ધિથી સ્હેલાઇભર્યો ઉકેલ સહજમાં લાવી દેતા. કલાકોના કલાકો સુધી–અરે! રાતના બબ્બે ને ત્રણ ત્રણ વાગ્યા સુધી–અરે આખી રાત સુધી પણ એક જ આસને ચર્ચા કરતાં થાકતાં નહિં. અહો! કેટલી શાસન પ્રત્યેની ધગશ!

## 'અખિલ ભારતવર્ષીય જૈન શ્વે. મૂ. મુનિસમ્મેલન'

વિ. સં. ૧૯૯૦માં અખિલ ભારતવર્ષીય સાધુ સમ્મેલન અમદાવાદને આંગણે ભરાયું હતું. તેમાં તેઓશ્રીએ એવી બુદ્ધિકુશળતા વાપરી હતી કે–ભરદરીયે ઝોલાં ખાતું મુનિસંમેલનનું નાવ સફળતાભરી રીતે પાર ઉતાર્યું હતું.

## દુ:ખી જૈનો માટે લાખોનો ફાળો.

વિ. સં. ૧૯૮૩ના જળપ્રલય પ્રસંગે રાજનગરને આંગણે ફક્ત બે જ દિવસમાં લાખોનો ફાળો શાસનસમ્રાટ્‌ના ઉપદેશથી થયો હતો. અને તેને "જૈન સહાયક ફંડ" તરીકે જાહેર કરી, કપરી પરિસ્થિતિમાં મૂકાયેલા જૈન ભાઇઓને માટે ગામડે ગામડે માણસો મારફત અનાજ તેમજ કાપડ મોકલાયાં હતાં. અને જૈનોનાં અનેક કુટુંબોને ઉગારી લીધાં હતાં. આ પ્રસંગ હૃદયમાં રહેલ 'વિશ્વપ્રેમ'ને વ્યક્ત કરે છે.

## અજોડ શક્તિ.

તેઓશ્રીની વાણીમાં એવો ચમત્કાર હતો કે—હિંદુસ્તાનભરના જૈનો પાસેથી જૈન ધર્મની ઉન્નતિ અર્થે–લોકોના કલ્યાણ નિમિત્તે લાખો નહિં બલ્કે કરોડોનાં ધનનો લક્ષ્મીનંદનો પાસેથી સુકૃતમાં સદ્‌વ્યય કરાવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થોનાં ઉદ્ધારો, સંઘો, ઉપાશ્રયો, જ્ઞાનશાળાઓ, ઉજમણાંઓ, ઉપધાનો, ગરીબ જૈન કુટુંબો, મુંગાં પ્રાણીઓ આદિ અનેક ખાતાંઓમાં લાખોની દાનગંગા શ્રીમંતોદ્વારા વહેવડાવી છે. તેઓશ્રીના વચને વચને ને પગલે પગલે લક્ષ્મી સ્વયંવરા બનતી હતી, અનેક શાસનનાં કાર્યો થતાં હતાં.

## નરેન્દ્રો, વિદ્વત્સમાજ ને નેતાઓ ઉપર ઊંડી છાપ.

શાસનસમ્રાટ્‌ની અદ્વિતીય પ્રતિભા–પ્રભાએ રાજાઓ વિદ્વાનો ને પ્રધાનમંડળ ઉપર સારો પ્રભાવ પાડ્યો હતો. ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ રાજસ્થાનોના રાજવીઓ સાથે પ્રસંગ સાધીને અનેક ધાર્મિક કાર્યો તેઓ મારફત કરાવ્યાં છે, જે લાખોના ખરચે કે લાગવગના ભોગે પણ ન થઇ શકે તેવાં મહાન્ કાર્યો રાજવીઓ પાસેથી તેઓશ્રીએ કરાવ્યાં છે.

દેશનેતા **પંડિત મદનમોહન માલવીયાજી** શાસનસમ્રાટ્ પ્રત્યે બહુમાન ધરાવતા હતા અને 'ગુરુજી' કહી સંબોધતા હતા. તેઓશ્રીને કાશી લઇ જવા માટે માલવીયાજીએ ખૂબ ખૂબ સાદર વિજ્ઞપ્તિ કરી હતી પરંતુ ક્ષેત્રસ્પર્શનાના અભાવે તે ન બન્યું.

**ડૉ. હર્મન જેકોબી, સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવ** અને ગુજરાતના **મહાકવિ સ્વ. નાનાલાલભાઇ** જેવા અનેક વિદ્વાનો ઉપર શાસનસમ્રાટ્ સૂરીશ્વરજીએ ઊંડી છાપ પાડી હતી, પ્રતાપી પુરુષ તરીકેનો પ્રભાવ પાડ્યો હતો.

## અજોડ જીવન કળાકાર.

સ્વર્ગસ્થ સૂરીશ્વરજી એક અજોડ જીવન કળાકાર હતા. તેઓશ્રીનાં પવિત્ર દર્શન થવાં એ પણ મહાન્ પુણ્યોદય મનાતો. તેઓશ્રીજીનો થોડોક પણ પરિચય, સ્મિત હાસ્ય, સિંહનાદે ગાજતી મધુરી વાણી, તત્ત્વજ્ઞાન સાથે આનંદજનક ચર્ચા આદિનો લાભ મળવો, એ જાણે પ્રજાને મન જીવનનો અણમોલો લ્હાવો મનાતો. તેમની ઓજસ્વી વાણીમાંથી સર્વ વિષયક જ્ઞાન સંપાદન થતું. સ્વ૦ ના પરિચયમાં આવનાર નાના મોટા સૌ કોઇ તેઓશ્રીના અદ્વિતીય વર્ચસ્વની, અખંડ ચમત્કારી બ્રહ્મચર્યની સિદ્ધિની, કડક ને વિશુદ્ધ ચારિત્રપાલનની, અસાધારણ પ્રતિભાવૈભવની, શ્રી ગણધરવાદવાંચનની રસપ્રદ અપ્રતિમ સામર્થ્યની, અતુલ પ્રભાવની, તીર્થોદ્ધારોની અનિર્વચનીય ધગશની, તીર્થસેવારૂપ જીવનમંત્રની, અજોડ વ્યાખ્યાનકળાની, રાજા મહારાજાઓને પ્રતિબોધવાની અસાધારણ શક્તિની, 'વચનસિદ્ધ મહાત્મા' તરીકેની, તેમજ હૃદયની નિખાલસતાની અહાવધિમુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે.

## સ્વ. શાસનસમ્રાટે જગતને અર્પેલો અપૂર્વ વારસો.

સ્વ. શાસનસમ્રાટ્ સૂરીશ્વરજીએ જગત્‌ને અપૂર્વ વારસો સમર્પ્યો છે. તેઓશ્રીનો મોટો વિશાળ સમુદાય છે. જે ચારિત્રપાત્ર–ક્રિયાપાત્ર તેમજ જ્ઞાન–ધ્યાનમાં ખૂબ આગળ વધેલ છે. તેઓશ્રી સહિત તેઓના સમુદાયમાં નવ આચાર્યો છે. તેઓશ્રીના પટ્ટાલંકાર આઠ વિદ્યમાન શાસનપ્રભાવક આચાર્યો છે. જેઓ ન્યાય–વ્યાકરણ–સાહિત્ય-જ્યોતિષ–શિલ્પ–આગમ–ષટ્દર્શન–સંસ્કૃત–પ્રાકૃત–ભાષા–વિજ્ઞાન આદિના અજોડ વિદ્વાનો છે. અસાધારણ શાસન–પ્રભાવકો જૈન જગતને વારસામાં સોંપતા ગયા છે. સંખ્યાબંધ તીર્થો–જ્ઞાનશાળાઓ–જ્ઞાનભંડારો–ઉપાશ્રયો–ધર્મશાળાંઓ આદિ સમ્યગ્ જ્ઞાન, દર્શન ને ચારિત્ર વિશુદ્ધિનાં પાવન સાધનો સ્થળે સ્થળે ઉભા કરતા ગયા છે. કળાક્ષેત્રમાં અજોડ સ્થાપત્યો સ્થાપતા ગયા છે. આવા અપૂર્વ વારસાના સમર્પક મહાપુરુષના જેટલા ગુણ ગાઇએ કે જેટલું કરીએ તેટલું ઓછું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### પરમ પૂજ્ય સૂરિસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીને

# વસમી વિદાય.

( રાગ–મ્હેમાનો ઓ વ્હાલા પુનઃ પધારજો. )

જિનશાસનના સાચા ધર્મધુરંધર !
તમ પગલે પ્રગટ્યો પુણ્ય પ્રભાવ જો,
પાવનકારી આવ્યા રંકને આંગણે;
લેવાયો ના ભાવિક ઊરનો લ્હાવ જો,
વસમી આ વ્હાલાની લાગે વિદાય જો. ૧

માનવભૂમિમાં જ્યોતિ ધરતા હીરલા,
નયને રાજે મંગલ તપનું તેજ જો;
વર્ષન્તિ જ્યાં વચનસુધા તમ મુખથી,
શાંત વ્યથા સૌ અન્તરની ત્યાં થાય જો;
વસમી આ વ્હાલાની લાગે વિદાય જો. ૨

કદમ્બગિરિના ઉદ્ધારક હે વીરલા !
હૈયે નિત્યે ધર્મતણા જેને કામ જો,
ક્યાંથી થાશે દર્શન હવે તમ સન્તના ?
આશા વિના આજે બનીયે અધીર જો,
વસમી આ વ્હાલાની લાગે વિદાય જો. ૩

ઉચ્ચ જીવનથી સોહન્તા સૂરીશ્વર,
લળી લળી વંદી મહાત્મા ! સાધુ ! સન્ત જો;
'ચાલ્યા' કહેતાં હૈયું આ ધડકી જતું,
કર જોડીને યાચી તમ આશિષ જો;
વસમી આ વ્હાલાની લાગે વિદાય જો. ૪

કુન્દનલાલ કાનજી શાહ. એમ. એ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરિજી ::
# એક પ્રતિભાવંત વિભૂતિ

લેખક:—મહુવાનિવાસી સૌભાગ્યચંદ જીવનલાલ દોશી

સોળ વર્ષની ઉમરે દીક્ષા લેવાનો અભિલાષ થતા તેમના વડીલોની અનિચ્છા. તેમને એક અધિકારી પાસે લઇ જવામાં આવ્યા ત્યારે તેઓશ્રીને અધિકારીએ પૂછ્યું–નાદાન છોકરા, તને તારા માબાપે આટલી ઉમર સુધી ભણાવ્યો, હવે દીક્ષા લેવાની વાતો કરે છે. તને શા માટે બેડી પહેરાવી ન લઇ જવો? ને તને તારા માબાપ વૃદ્ધ થયા છે. તેની તારે તો સેવા કરવી જોઇએ. ત્યારે આ બાળક જવાબ આપે છે. " સાહેબ ખુશીથી બેડીઓ પહેરાવોને! શરીર ઉપર બેડીઓ પડે છે." આત્મા ઉપર બેડીઓ પડતી નથી. "

આ જવાબથી અધિકારી ને તેમના પિતાશ્રી ઉપર અસર થઇ. ને પરિણામે ભાવનગરમાં પૂજ્ય મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજ પાસે દીક્ષા લે છે.

સોળ વર્ષની ઉમરે જ્યારે બાળકને સિનેમા, લગ્ન કે વેશવાળ કે તેવી ભાવના થાય ત્યારે ભવિષ્યના આ મહાન્ યોગીને દીક્ષાના ભાવો થાય છે ને આત્મોન્નતિનો માર્ગ તેને સુઝે છે. યોગભ્રષ્ટ આત્મા સિવાય આ ઉમરે આ ન સુઝે.

પાંજરાપોળના ઉપાશ્રયમાં પોતાના ગુરુદેવના કાળધર્મ પામ્યા પછી દીક્ષા લીધાના ત્રીજા જ વર્ષે વ્યાખ્યાન વાંચવું શરૂ કરે છે. શ્રોતાજનો ઉપર ભારે અસર પડે છે. અમદાવાદ-નિવાસી શેઠ હઠીસીંગ કેસરીસીંગના પુત્ર શ્રી પરશોતમદાસભાઇનો સમાગમ ને તેમના સૂચનથી મનસુખભાઇ શેઠનું તેમની પાસે આગમન. વ્યાખ્યાન ને જ્ઞાનની શેઠજી ઉપર અસર ને તેમની વચ્ચેનું મિલન જીવનભર ગાઢ સંબંધમાં પરિણમ્યું. પરિણામે અમદાવાદમાં તેમનું વધારે રહેવાનું થયું એ સંબંધના પરિણામે શાસનનાં અનેક કાર્યો થયા.

તેમનું જ્ઞાન ઊંડું હતું. સાઠ સાઠ શ્લોકો કંઠે કરતા. જૈન શાસ્ત્રો ઉપરાંત વેદાન્ત, ઉપનિષદ્, જ્યોતિષ, વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ. આલ્ફ્રેડ હાઇસ્કુલ( ભાવનગર )માં સાહિત્ય વિભાગના પ્રમુખસ્થાનેથી કવિશ્રી ન્હાનાલાલ દલપતરામે તેમને ' સાહિત્યની આકર ' કહી તેમને ઓળખાવેલા,

વકતૃત્વ કળા જન્મથી જ તેમને વરેલી. તેમનો ' ગણધરવાદ ' કોણ નહિ સંભારતું હોય!

અનેક તીર્થોની સેવા તેમણે જીવનભર કરી છે. શેઠ આણંદજી કલ્યાણજીના પેઢીના મેમ્બરોની મીટીંગ ઘણીય વખત તેમના સાનિધ્યમાં મળતી ને નિર્ણયો લેવાતાં.

જે માણસ તેમના સંબંધમાં આવે તે તેમનો લગભગ અનુયાયી બને. અર્ધો કલાક રહેવાનું નક્કી કરનાર માંડ ત્રણ કલાકે પાછો આવે–આવું એમનું આકર્ષણ. બ્રહ્મચર્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલૌકિક હતું. તેમનું ચારિત્રબળ અજોડ હતું. પરિણામે બહુ જ મોટી ઉમર સુધી તેમની યાદદાસ્ત ટકી રહેલી.

પંડિત મદનમોહન માલવીયા, સર પ્રભાશંકર પટ્ટણી, પ્રો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ, પ્રોફેસર વિઠલરાય મહેતા, શ્રી અનંતરાય પટ્ટણી, કવિશ્રી ન્હાનાલાલ દલપતરામ વિગેરે મહાપુરુષોના સમાગમમાં તેઓશ્રી આવેલા.

તેઓશ્રી કહેતા કે–" હું સમાજવાદનું કામ કરતો નથી ?" સમાજવાદ એટલે પૈસાદારો પાસેથી પૈસા લઇ ગરીબોમાં વહેંચવા. હું જે મંદિરો બંધાવવાની પ્રેરણા કરી રહ્યો છું તેના પૈસા શ્રીમંતો પાસેથી આવે છે ને ગરીબ સલાટો–કડીયા–મીસ્ત્રીઓને વહેંચી આપું છું. વળી " શિલ્પકળા " કે જે માટે ભારતવર્ષ પ્રખ્યાત છે, તે કળાના વિકાસમાં આવા મંદિરો બાંધી શિલ્પકળાનો તેમણે ભારે ઉત્કર્ષ કર્યો હતો.

બોદાના નેસ, વળા ને મહુવામાં તેમણે બાંધેલા મંદિરો તેમની સાક્ષી પૂરે છે. બોદાના નેસ ( કદમ્બગિરિ ) તેમના જીવનનું સ્મારક બની રહેશે.

જેસલમીર, પાલીતાણા, ગિરનાર અનેક તીર્થ–સ્થાનોના તેમણે સંઘો કઢાવેલા. સાધુ–સંમેલન અમદાવાદમાં સેંકડો વર્ષે જે ભરાયું તેમાં અગ્રગણ્ય હિસ્સો તેમનો હતો.

કાપરડામાં જૈન મંદિર પાસે " ભૈરવનાથ " મંદિર હતું. ત્યાં સેંકડો બકરાઓનો ભોગ દેવાતો તે પણ તેમના ઉપદેશ ને કાર્યથી બંધ થયું. વિદ્વાન્ આચાર્યો તથા મુનિરાજોનું એક મંડળ જૈન સમાજના ઉત્કર્ષ માટે તેઓ મૂકી ગયા છે.

અમદાવાદ પાંજરાપોળની અંદર ચાલતી ભોજનશાળા તેમના ઉપદેશથી ગરીબ જૈનોને ઓછામાં ઓછા દરે જમાડે છે. ઉપરાંત દુષ્કાળ વખતે હજારો રૂપીઆ અમદાવાદથી પાંજરાપોળ તથા ગરીબ લોકોની મદદ માટે ઉપદેશ આપી ઉઘરાવેલા. જ્ઞાનોત્કર્ષ માટે જ્ઞાનભંડાર ખંભાત, બોદાના નેસ તથા અમદાવાદમાં તેમણે કરાવેલ છે.

સાધુ સંમેલન અમદાવાદમાં સેંકડો વર્ષે જે ભરાયું, તેમાં અગ્રગણ્ય હિસ્સો તેમનો હતો. દીક્ષાનો જે શકવર્તી ઠરાવ થયો, જે ઠરાવને ભારતવર્ષના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુઓએ સંમતિ આપી ને સહી કરી આપી તે સંબંધી દિશાસૂચન કર્યું કે તેમાં કોઇએ સુંદર ભાગ ભજવ્યો હોય તો તેમણે જ, ને આ રીતે જૈન સમાજમાં દીક્ષા સંબંધી વિખવાદ હતો તે ઘણે અંશે ટાળ્યો.

પ્રસંગોનો પાર નથી પણ અત્રે વિરમું છું. સેંકડો વર્ષે આવા પુરુષો પાકે છે. પ્રભુ ! સ્વર્ગસ્થના આત્માને પરમ શાન્તિ અર્પે.

[ નોટ—આ લેખ લખનાર ભાઇશ્રી સૌભાગ્યચંદ આચાર્ય મહારાજના સંસારી બેનના પુત્ર થાય છે એટલે તેમના સંસ્મરણો તેમના માતુશ્રી તરફથી જાણેલ હોવાથી જાણવા જેવા છે. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાસનના શણગાર.

( રાગઃ—સોનલા વાટકડી ને રૂપલા કાંચકડી બાળુડો જોગી નાવા બેઠો રે ભરથરી.

શાસનના શણુગાર નેમિસૂરિજી, સ્વર્ગમાં આજ બિરાજે રે સૂરિજી;
ગોત્યા હવે નહિ મળે રે ગુરુજી૦
નવ નવ સૂરિઓના ઝળહળતા દિપક, આપે આજ શગ્યું મોરી રે સૂરિજી;
વીરના નિર્વાણે નિર્વાણ કીધા, મોટા દિના એંધાણ રાખ્યા રે સૂરિજી;
શાસનનો દિપક બુઝાયો રે. ગુરુજી૦ ( ૧ )
માતા દિવાળી, દિવાળી દિન જનમ્યા, કુળમાં અજવાળા કર્યા રે ગુરુજી;
દિવાળી અમાસની રાત અંધારી, સૂર્ય અસ્ત થયો આજ રે. સૂરિજી૦ ( ૨ )
બબે મહિનાની મુદતું રે માગો, પ્રતિષ્ઠાના મુહૂર્ત ઢુંકડા સૂરિજી;
અધવચ મૂકીને રે શું જાઓ, પ્રતિષ્ઠાના કામ પૂરા કરો રે. સૂરિજી૦ ( ૩ )
મોંઘેરા ઉદયનંદનામૃત મુંઝાઇ જાશે, ઘડી ઘડી કોને જઇ પૂછે રે ગુરુજી;
ગુરુ વિણ નહિ ચાલે રે સૂરિજી૦
સાધુ રૂવે ને સાધ્વીયું રે રૂવે, રૂવે સકળ સંઘ આજ રે ગુરુજી;
શાસનમાં ખોટ પડી રે. સૂરિજી૦ ( ૪ )
દર્શનસૂરે લાવણ્યસૂરિને તેડાવો, નિજ પરિવારને સોંપો રે ગુરુજી;
લીલી વાડીના રખવાળ કયાં રે રોકાયા, હવે રખોપા કોણુ કરે રે સૂરિજી;
લાડકો પરિવાર આજ મેલ્યો રે. ( ૫ )
શાસનઉદ્ધારક નેમિસૂરિજી, ચારે દિશામાં નામ રાખ્યા રે સૂરિજી;
દેશો-દેશમાં ડંકા વાગ્યા રે ગુરુજી૦
કદમ્બગિરિ તીર્થ સ્થાપ્યું રે સૂરિજી, જંગલમાં મંગલ કર્યો રે ગુરુજી૦ ( ૬ )
કદંબગિરિ તમને બહુ વહાલું ગુરુજી, આરામના ઠેકાણા તમારા સૂરિજી;
ત્યાં તમને શાન્તિ વળે રે ગુરુજી૦
શાસનના ધોરી નેમિસૂરિજી, અમર રાખ્યું નામ રે સૂરિજી૦ ( ૭ )
ગુરુજી ગુરુજી નેમિસૂરિજી, દર્શન કિહાં હવે આપના સૂરિજી;
આઠ દિના વાણા વાયા રે ગુરુજી૦
વિરહની વેદના હૃદયે ન માયે, નયણે વછુટે નીર રે સૂરિજી;
હાથમાંથી હીરો હારી બેઠા રે. ગુરુજી૦ ( ૮ )
બાલબ્રહ્મચારી નેમિસૂરિને, વંદન મારા વારંવાર રે સૂરિજી;
"નિર્મળ" બ્હેનોની પ્રાર્થના એટલી, મહાવિદેહ વાસ હોજો રે. સૂરિજી૦ (૯)

—કડવીબ્હેન છોટાલાલ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવાપાંજલિ.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી કાર્તિક શુદિ બીજના રાત્રિના આઠ વાગે સ્વ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજીના કાળધર્મ અંગે એક શોકસભા શ્રીયુત જીવરાજભાઈ ઓધવજી દોશીના પ્રમુખપણા નીચે મળતાં હરિલાલ દેવચંદ શેઠ, માસ્તર શામજી હેમચંદ દેસાઇ, શ્રી વેલચંદ જેઠાભાઇ, પંડિત જગજીવનદાસ પોપટલાલ તથા ગુલાબચંદ લલ્લુભાઈના પ્રાસંગિક પ્રવચનો બાદ નીચે પ્રમાણે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી નિમંત્રિત થયેલ સભાના સભ્યો અને અન્ય ગૃહસ્થોની આ મીટીંગ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સં. ૨૦૦૫ના આસો વદ ૦)) ને શુક્રવારના રોજ મહુવા મુકામે કાલધર્મ પામ્યા તે માટે પોતાનો અત્યંત શોક વ્યક્ત કરે છે. તેઓશ્રીના કાળધર્મ પામવાથી સમસ્ત જૈન સંઘમાં ન પૂરાય એવી ખોટ પડેલ છે. સદ્દગત આચાર્ય મહારાજશ્રીએ પોતાના સાઠ વર્ષ જેટલા લાંબા દીક્ષાપર્યાયના સમયમાં જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને પ્રચાર માટે, જૈન ધર્મના ઉદ્યોત માટે, તીર્થોના રક્ષણ અને વૃદ્ધિ માટે, સાધુસંસ્થાની પવિત્રતા અને એકતા સાચવવા માટે આજીવન અવિરત પ્રયત્ન કરી જે ઉજ્જવલ દૃષ્ટાંત પોતાના જીવનથી જૈન સમાજ સમક્ષ રજૂ કર્યું છે, તેનું સ્મરણ કરતા આ સભાને તેઓશ્રીને માટે અત્યંત માન થાય છે અને તેની સહર્ષ નોંધ લેવામાં આવે છે. સ્વર્ગસ્થનો આત્મા અખંડ શાંતિમા રહે એવી પરમાત્મા પાસે અમારી પ્રાર્થના છે."

*

કાર્તિક શુદિ ત્રીજના રોજ શ્રી ભાવનગરના જૈન સંઘની મિટીંગ વોરા ખાન્તિલાલ અમરચંદ વોરાના પ્રમુખપણા નીચે મળેલ જે સમયે નીચે પ્રમાણે ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

"શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપા સંઘની આજરોજ મળેલી મીટીંગ આપણા સમસ્ત જૈન સંઘના મહાન આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સંવત ૨૦૦૫ના આસો વદી ૦)) શુક્રવાર તા. ૨૧-૧૦-૪૯ના રોજ શ્રી મહુવા મુકામે કાળધર્મ પામ્યા તે ખબર જાણી ભાવનગર જૈન સંઘ અત્યંત દીલગીરી દર્શાવે છે.

આવા પરમ ઉપકારી મહાન પવિત્ર આચાર્યશ્રીના સ્વર્ગવાસથી શ્રી સંઘને પૂરી શકાય નહિ તેવી ખોટ પડી છે તેમ માને છે અને તેઓના આત્માની શાંતિ ચાહે છે."

ઉપરનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદના સંઘની મિટીંગ નગરશેઠ શ્રી વિમળભાઇના પ્રમુખપણા નીચે મળી હતી, જે સમયે નીચે પ્રમાણે ઠરાવ પસાર થયો હતો.

"જૈન શાસનના સ્તંભરૂપ, અનેક તીર્થોદ્ધારક, શાસ્ત્રવિશારદ, શાસનસમ્રાટ્, પરમતારક પ્રાતઃસ્મરણીય, પૂજ્યપાદ આચાર્ય ભગવાન શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીનું વીર સંવત ૨૪૭૫ના આસો વદ અમાસ ચરમતીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણક મહામાંગલિક દીવાળીના પર્વદિવસે સાંજના સાત વાગે મહુવા મુકામે સમાધિપૂર્વક સ્વર્ગારોહણ થયું હતું, જેથી જગતને એક આધ્યાત્મિક મહાન આત્માનો વિરહ થયો છે. તેઓ શ્રીમાનના અનેક ઉપકારોને અને અસહ્ય વિરહને પુનઃ પુનઃ સ્મરણ કરતાં અમદાવાદનો શ્રી સકળ સંઘ તીવ્ર વેદના અનુભવે છે. સાથે સાથે આવા અનેક ઉચ્ચ ચારિત્ર્યવાળા અનેક શાસનના સેવકો અવિચ્છિન્ન પ્રભાવશાળી વીતરાગ શાસનમાં પ્રગટ થાઓ અને વીતરાગ શાસનને ઝળહળતું બનાવો એવી શ્રી સકળ સંઘ પ્રાર્થના કરે છે."

*

મુંબઇખાતે વસતા મહુવાના જૈન બંધુઓએ એકત્ર મળી નીચે પ્રમાણે ઠરાવ કર્યો હતો—

"પરમપૂજ્ય શાસનસમ્રાટ્ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના મહુવા-(સૌરાષ્ટ્ર)ખાતે કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળી આજે મહુવાના જૈન ભાઇઓની આ સભા ઊંડા ખેદની અને મહાન આઘાતની લાગણી અનુભવે છે. આચાર્યશ્રીએ ઉચ્ચ કોટીના જ્ઞાન, વિશુદ્ધ ચારિત્ર્ય, વિચક્ષણ બુદ્ધિ અને અદ્ભુત કાર્યશક્તિ આદિ ગુણોથી આખી જૈન સમાજને મંત્રમુગ્ધ કરી હતી. તેઓની જાહેર સ્મૃતિઓ જ્યાં જ્યાં દૃષ્ટિગોચર થાય છે ત્યાંનો સારોય જૈન સમાજ તેઓશ્રીના સત્કાર્યો કાયમ યાદ કરશે. તેઓશ્રીના કાળધર્મથી આખા જૈન સમુદાયને અને ખાસ કરીને મહુવાને ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તે માટે પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ."

## એક ખેદકારક સ્વર્ગવાસ.

ભાવનગરનિવાસી શ્રી પરમાણંદદાસ અમરચંદ વોરા આ સભાના વાર્ષિક સભ્ય હતા. તેઓશ્રીના સં. ૨૦૦૬ના કાર્તિક વદી ૧૨ ને ગુરુવારના રોજ થયેલ અવસાનથી સભાને મોટી ખોટ પડેલ છે. સ્વર્ગસ્થ ભાવનગર જૈન સંઘમાં એક અગ્ર ગણાતા ગૃહસ્થ હતા. તેમના તરફથી શ્રી સંઘને નિરંતર બાજબી સલાહ અને દોરવણી મળતી હતી. દરેક સારા શુભ કામમાં તેમના હૃદયનો સહકાર હતો, એક વ્યાપારી તરીકે તેમની ઘણી પ્રતિષ્ઠા હતી. જ્ઞાતિના હિતમાં તેમનો સતત પ્રયાસ હતો. કુટુંબીઓ તરફ ઘણી ભાવના રાખતા અને ગુપ્ત રીતે મદદ કરતા. તેમની સહાય પણ ગુપ્ત હતી. ભાવનગરના પાંજરાપોળ, ભાવનગર દાદાસાહેબ બોર્ડીંગ વિગેરેની કમીટીમાં એક સભ્ય હતા. તે સંસ્થાઓ પ્રત્યે માન ધરાવતા અને યથાયોગ્ય મદદ કરતા. પ્રકૃતિએ શાંત સ્વભાવના અને મિતભાષી હતા. આવા એક ગૃહસ્થના અવસાનથી ભાવનગર શહેરને મોટી ખોટ પડી છે. તેઓશ્રી સભાની મેનેજીંગ કમિટીના સભાસદ હતા. તેમના અવસાન નિમિત્તે સભાએ ખાસ મીટીંગ બોલાવી દિલગીરીનો ઠરાવ કર્યો છે. પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 156

## "પ્રકાશ" સહાયક ફંડ

ગત માસમાં જણાવી ગયા પછી જે રકમ "પ્રકાશ સહાયક ફંડ"માં મળી છે તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે અને "પ્રકાશ"ને પડતી ખાદને પહોંચી વળવા દરેક શક્તિસંપન્ન બંધુઓને પોતાનો ફાળો મોકલી આપવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરીએ છીએ. આ માસમાં મળેલ સહાય નીચે પ્રમાણે—

| | | |
|---|---|---|
| ૧૧၊ | અગાઉના | |
| ૧૭ાા | દોલતરામ જૈન | નોહર (બીકાનેર) |
| ૧૧) | એક ગૃહસ્થ | નાગપુર |
| ૫) | શાહ ચત્રભુજભાઈ જેચંદ | ભાવનગર |
| ૪) | શાહ કેશવલાલ વીરચંદ | તીથોર |
| ૨ાા | શાહ ડાહ્યાભાઈ હીરાચંદ | અમદાવાદ |
| ૨) | શાહ જગજીવન પ્રેમજી | કોલકી |
| રૂા. ૫૨ાા કુલ | | |

## ના. મહારાજા સાહેબ જિનમંદિરની મુલાકાતે

ભાવનગરના મહારાજા અને મદ્રાસના લોકપ્રિય ગવર્નર નામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી ટૂંકી મુલાકાતે મદ્રાસથી ભાવનગર પધારતાં ગત કાર્તિક વદિ ૧૦ ને ભોમવારના રાત્રિના આઠ વાગે અત્રેના મોટા જિનાલયના દર્શનાર્થે પધાર્યા હતા, જે સમયે અ. સૌ. મહારાણી સાહિબા વિજયાકુંવરીબા પણ સામેલ હતા. સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. પ્રાંતે ના. મહારાજાશ્રીએ મંદિરની ભવ્યતા તેમજ સ્વચ્છતા માટે પોતાનો હર્ષ વ્યક્ત કર્યો હતો. ફુલહાર એનાયત થયા બાદ મહારાજા સાહેબે વિદાય લીધી હતી.

## બહારગામના લાઇફ મેમ્બરો તથા વાર્ષિક સભાસદોને સૂચના.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીની કસાયેલી કલમથી આળેખાયેલ

### ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા

નામનું ભેટ પુસ્તક તૈયાર થઈ ગયું છે. સં. ૨૦૦૫ તથા ૨૦૦૬ની સાલની વાર્ષિક સભાસદની ફી વસુલ કરવા માટે આ પુસ્તક રવાના કરવામાં આવશે. બંને વર્ષના ફીના રૂા. ૬–૮–૦ તથા પોસ્ટેજના રૂા. ૦–૩–૦ તથા વી. પી. ચાર્જના ૦–૪–૦ મળી કુલ રૂા. ૬–૧૫–૦ નું વી. પી શરૂ કરવામાં આવ્યા છે, તો વી. પી. આવ્યેથી સ્વીકારી લેવા ભલામણ છે.

લાઈફ મેમ્બરોએ ફક્ત પોસ્ટેજના ૦–૩–૦ મોકલી આપવા; નહીં તો તેમને ૦–૭–૦નું વી. પી. કરવામાં આવશે. "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહકબંધુઓ માટે આ ભેટ પુસ્તક નથી તેની નોંધ લેવા કૃપા કરવી.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only